ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



05
JUNE,2025
THURSDAY

પેજ 2

દિયોદર લુદરા પાસે ભંગારના ગોડાઉનમાં આગ લાખો રૂપિયાનું નુકશાન પહોંચ્યું

પેજ 3

કેવડિયા ખાતે આદિવાસીઓને મળવા પહોંચ્યા કોંગી નેતા

પેજ 7

ડભોઈમાં ઉભરાતી ગટરોથી લોકોમાં આક્રોશ, રોગચાળાનો ભય

પેજ 5
બબીતાજી તારક મહેતા કા ઉલ્ટા... છોડી બિગ બોસ-19માં ભાગ લેશે ?

pakkogujarat/ | Vol. 10 I Issue : 82 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com

### બેંગલુરુમાં RCBની વિક્ટ્રી પરેડ દરમિયાન નાસભાગ : PM મોદીએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો

# RCBની જીતની ઉજવણી માતમમાં ફેરવાઈ : 11નાં મોત

### કર્ણાટકના CM સિદ્ધારમૈયાએ કહ્યું- સ્ટેડિયમની બહાર 3 લાખ લોકો એકઠા થયા, અમે તૈયાર નહોતા

• બેંગલુરુ

બુધવારે બેંગલુરુમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની વિક્ટ્રી પરેડ દરમિયાન નાસભાગ મચી ગઈ હતી. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, નાસભાગ દરમિયાન 11 લોકો માર્યા ગયા હતા. 33 લોકો ઘાયલ થયા હતા, જે ખતરાથી બહાર છે.

સિદ્ધારમૈયાએ કહ્યું, "જ્યારે RCB ટીમ વિધાનસભા પહોંચી ત્યારે વિધાનસભાની બહાર એક લાખ લોકો એકઠા થયા હતા. વિધાનસભામાં ઉજવણી ચાલી રહી હતી, પરંતુ ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ભાગદોડ મચી ગઈ. સ્ટેડિયમની બહાર 3 લાખ લોકો એકઠા થયા હતા. અમને આટલી ભીડની અપેક્ષા નહોતી. કોઈએ આની અપેક્ષા નહોતી રાખી. અમે આ માટે તૈયાર નહોતા. દુર્ઘટનાએ જીતની ખુશીને માતમમાં બદલી નાખી."

PM મોદીએ બેંગલુરુમાં થયેલી નાસભાગ પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારો સાથે મારી સંવેદના છે. હું ઘાયલોની તંદુરસ્તી માટે પ્રાર્થના કરું છું.

ટીમ એરપોર્ટ પહોંચી ત્યારે હજારો ચાહકો ત્યાં હાજર હતા. વિધાનસભા પહોંચતા જ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ તમામ ખેલાડીઓનું સન્માન કર્યું. આ પછી ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં પણ કાર્યક્રમો યોજાયા. RCBએ મંગળવારે (3 જૂન) પોતાનું પહેલું ટાઈટલ જીત્યું. ટીમે પંજાબ કિંગ્સ (PBKS)ને 6 રનથી હરાવ્યું. આ સાથે IPLને 18મી સિઝનમાં 8મો ચેમ્પિયન મળ્યો. સંપૂર્ણ સમાચાર વાંચો...

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ બેંગલુરુમાં થયેલા અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો. RCBએ કહ્યું- આ ઘટનાની માહિતી મળ્યા પછી અમને ખૂબ જ દુઃખ થયું છે. અમે તેમના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ.

ટીમે એમ પણ કહ્યું કે પરિસ્થિતિની ગંભીરતા જોઈને, તેઓએ તાત્કાલિક તેમનું સમયપત્રક બદલ્યું અને સ્થાનિક વહીવટીતંત્રની સલાહ મુજબ પગલાં લીધાં.

RCBએ તેના તમામ ચાહકોને સુરક્ષિત રહેવા અને ભીડ ટાળવા અપીલ કરી છે. ટીમે એમ પણ કહ્યું કે તેમના માટે સૌથી મહત્વપૂર્ણ બાબત લોકોની સલામતી અને સુખાકારી છે.

સિદ્ધારમૈયાએ કહ્યું કે સુરક્ષા પૂરી પાડવાની જવાબદારી સરકારની હતી. બાકીની જવાબદારી ક્રિકેટ એસોસિએશને લેવી જોઈતી હતી. સ્ટેડિયમમાં એક નાનો દરવાજો હતો. ત્યાં ઘણા લોકો ભેગા થયા હતા. તેઓએ દરવાજો તોડી નાખ્યો, જેના કારણે નાસભાગ મચી ગઈ.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, RCBની જીતની ઉજવણી દરમિયાન થયેલી નાસભાગ દુઃખદ છે. જે પરિવારોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના છે. હું ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું. આ દુઃખની ઘડીમાં હું બેંગલુરુના લોકોની સાથે ઉભો છું. કર્ણાટક સરકારે અસરગ્રસ્ત પરિવારોને શક્ય તેટલી મદદ અને રાહત પૂરી પાડવી જોઈએ. માનવ જીવન કરતાં કોઈ ઉજવણી વધુ મહત્વપૂર્ણ નથી. દરેક જાહેર કાર્યક્રમ માટે સલામતી પ્રોટોકોલની સમીક્ષા કરવી અને તેનું કડક પાલન કરવું મહત્વપૂર્ણ છે.



## શેખ હસીનાના પિતા હવે બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા નહીં કહેવાય

• ઢાકા

બાંગ્લાદેશની વચગાળાની સરકારે મંગળવારે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પિતા અને પ્રથમ રાષ્ટ્રપતિ શેખ મુજીબુર્હમાનનો 'રાષ્ટ્રપિતા'નો દરજ્જો નાબૂદ કર્યો. આ માટે એક વટહુકમ બહાર પાડવામાં આવ્યો અને કાયદામાંથી 'રાષ્ટ્રપિતા બંગબંધુ શેખ મુજીબુર્હમાન' શબ્દો દૂર કરવામાં આવ્યા.આ સાથે, 1971ના સ્વાતંત્ર્ય સેનાની અને સંઘર્ષની વ્યાખ્યા પણ બદલાઈ ગઈ છે. તાજેતરમાં 1 જૂનના રોજ મોહમ્મદ યુનુસની સરકારે નવી ચલણી નોટોમાંથી શેખ મુજીબુર્હમાનનું ચિત્ર પણ દૂર કરી દીધું છે.નવી નોટો પર હિન્દુ અને બૌદ્ધ મંદિરોના ચિત્રો પણ છાપવામાં આવશે. જોકે, જૂની નોટો અને સિક્કા પણ ચલણમાં રહેશે.

સ્વતંત્રતા સેનાનીની નવી વ્યાખ્યા હેઠળ 26 માર્ચથી 16 ડિસેમ્બર, 1971 દરમિયાન યુદ્ધની તૈયારી કરનારા ભારતમાં તાલીમ શિબિરોમાં હાજરી આપનારા અને પાકિસ્તાની સેના અને તેના સાથીઓ સામે શસ્ત્રો ઉપાડનારા નાગરિકોને સ્વતંત્રતા સેનાની ગણવામાં આવશે. નવી વ્યાખ્યા હેઠળ સશસ્ત્ર દળો, પૂર્વ પાકિસ્તાન રાઈફલ્સ (EPR), પોલીસ, મુક્તિ બહિની, મુજીબનગર સરકાર અને તેના માન્ય દળો, નૌકાદળ કમાન્ડો, કિલો ફોર્સ અને અંસારના સભ્યોને પણ સ્વતંત્રતા સેનાનીઓની શ્રેણીમાં સમાવવામાં આવ્યા છે.

### કેન્દ્રએ 1 મહિના પહેલા જાતિગત વસતિ ગણતરીની જાહેરાત કરી હતી

## ઓક્ટોબર 2026થી 4 રાજ્યોમાં જાતિગત વસતિ ગણતરી: બાકીના રાજ્યોમાં માર્ચ 2027થી કરાશે

### હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં જાતિગત વસતિ ગણતરી હાથ ધરાશે

• નવી દિલ્હી

કેન્દ્ર સરકાર બે તબક્કામાં જાતિગત વસતિ ગણતરી કરશે. ગૃહ મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે પ્રથમ તબક્કો 1 ઓક્ટોબર, 2026થી શરૂ થશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે 4 પહાડી રાજ્યો- હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં જાતિગત વસતિ ગણતરી હાથ ધરવામાં આવશે.

બાકીના રાજ્યોને 1 માર્ચ, 2027થી બીજા તબક્કામાં આવરી લેવામાં આવશે. ગૃહ મંત્રાલયે તેની પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે જાતિ વસતિ ગણતરી સાથે વસતિ ગણતરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંબંધિત સૂચના 16 જૂન, 2025 સુધીમાં સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે.

કેન્દ્રએ 30 એપ્રિલ, 2025ના રોજ જાતિ વસતિ ગણતરી કરવાની જાહેરાત કરી હતી. આઝાદી પછી દેશમાં આ પ્રથમ જાતિ વસતિ ગણતરી હશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે જાતિ વસતિ ગણતરી મૂળભૂત વસતિ ગણતરી સાથે કરવામાં આવશે. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષો જાતિગત વસતિ ગણતરીની માગ કરી રહ્યા છે. દેશમાં છેલ્લી વસતિ ગણતરી 2011માં હાથ ધરવામાં આવી હતી. તે દર 10 વર્ષે હાથ ધરવામાં આવે છે. તે મુજબ આગામી વસતિ ગણતરી 2021માં હાથ ધરવામાં આવવાની હતી, પરંતુ કોવિડ-19 રોગચાળાને કારણે તે મુલતવી રાખવામાં આવી હતી.

ગૃહ મંત્રાલયે બુધવારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે જાતિગત વસતિ ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.ગૃહ મંત્રાલયે બુધવારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે જાતિગત વસતિ ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. સામાજિક-આર્થિક વસતિ ગણતરી 2011માં હાથ ધરવામાં આવી હતી, ડેટા જાહેર કરવામાં આવ્યો ન હતો મનમોહન સિંહ સરકાર દરમિયાન 2011માં સામાજિક-આર્થિક અને જાતિગત વસતિ ગણતરી હાથ ધરવામાં આવી હતી. તે ગ્રામીણ વિકાસ મંત્રાલય, શહેરી વિકાસ મંત્રાલય અને ગૃહ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવી હતી. જો કે, આ સર્વેક્ષણનો ડેટા ક્યારેય જાહેર કરવામાં આવ્યો ન હતો. ગ્રામીણ વિકાસ મંત્રાલયની વેબસાઈટ પર ફક્ત તેનો SC-ST ઘરગથ્થુ ડેટા જાહેર કરવામાં આવ્યો છે.

## દક્ષિણ કોરિયામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડાબેરી પક્ષનો વિજય

• સિઓલ

ડેમોક્રેટિક પાર્ટી ઓફ કોરિયા (DPK)ના નેતા લી જે-મ્યુંગે દક્ષિણ કોરિયામાં રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી લીધી છે. તેમણે શાસક પીપલ પાવર પાર્ટી (PPP)ના કિમ મૂન સૂને હરાવ્યા છે. શરૂઆતની ગણતરીમાં, લી 48.31% મત સાથે આગળ હતા, જ્યારે કિમને માત્ર 42.9% મત મળ્યા હતા. જીત બાદ લીએ કહ્યું - હું મતદારોનો આભાર માનું છું. હું આ જવાબદારી ક્યારેય ભૂલીશ નહીં અને દેશને એક કરવા, અર્થતંત્રમાં સુધારો કરવા અને ઉત્તર કોરિયા સાથે શાંતિ સ્થાપિત કરવા માટે કામ કરીશ.હાર સ્વીકારતા કિમ મૂને કહ્યું, "હું લોકોના નિર્ણયને નમ્રતાપૂર્વક સ્વીકારું છું અને મારા લી જે-મ્યુંગને ચૂંટણી જીતવા બદલ અભિનંદન આપું છું."રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કુલ મતદાન 78.3% હતું, જે 1997 પછી સૌથી વધુ છે. આ 2022ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન (77.1%) કરતાં પણ વધુ છે. 1987ની ચૂંટણીમાં દક્ષિણ કોરિયામાં સૌથી વધુ મતદાન 89.2% હતું. દક્ષિણ કોરિયાની ચૂંટણીમાં 6 ઉમેદવારો હોવા છતાં, વાસ્તવિક સ્પર્ધા ફક્ત DPK અને PPP પક્ષોના ઉમેદવારો વચ્ચે જ હતી. દક્ષિણ કોરિયામાં 2027માં ચૂંટણીઓ યોજાવાની હતી, પરંતુ ગયા વર્ષે ડિસેમ્બરમાં માર્શલ લો લાગુ થવાને કારણે પીપીપી પાર્ટીના યુન સુક યોલને રાષ્ટ્રપતિ પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

## સંસદનું ચોમાસુ સત્ર 21 જુલાઈથી 12 ઓગસ્ટ સુધી: રિજિજુએ કહ્યું- ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા તૈયાર

### જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ શક્ય છે

• નવી દિલ્હી

સંસદનું ચોમાસુ સત્ર 21 જુલાઈથી શરૂ થશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બુધવારે નવી દિલ્હીમાં આ માહિતી આપી. રિજિજુએ કહ્યું કે આ સત્ર 21 જુલાઈથી 12 ઓગસ્ટ સુધી ચાલશે.કિરેન રિજિજુએ કહ્યું- સરકાર નિયમો મુજબ સત્રમાં કોઈપણ વિષય પર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે સત્ર દરમિયાન જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરી શકાય છે.વિપક્ષની 'ખાસ સત્ર' બોલાવવાની માગ વચ્ચે સરકારે ચોમાસુ સત્રની જાહેરાત કરી છે. વિપક્ષ પહેલગામ હુમલો, ઓપરેશન સિંદૂર અને ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી, સિંગાપોરમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન અને ભારતીય જેટને તોડી પાડવા અંગે સીડીએસ અનિલ ચૌહાણના નિવેદન પર ચર્ચાની માગ કરી રહ્યું છે.ઈન્ડિયા એલાયન્સના 17 પક્ષોએ 3 જૂને નવી દિલ્હીમાં એક બેઠક યોજી હતી. આ બેઠકમાં પીએમ મોદીને ખાસ સત્ર બોલાવવા માટે પત્ર લખવામાં આવ્યો હતો. મોદી સરકાર 3.0 અને ઓપરેશન સિંદૂર પછી આ સંસદનું પહેલું સત્ર હશે.રિજિજુએ કહ્યું- પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા તૈયાર છીએ રિજિજુએ કહ્યું- સરકારનું કહેવું છે કે જો વિપક્ષ સંસદના આગામી ચોમાસુ સત્ર દરમિયાન નિયમો હેઠળ ચર્ચાની માગ કરે છે, તો અમે પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા તૈયાર છીએ. આગામી સત્ર દરમિયાન સરકાર અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની પણ તૈયારી કરી રહી છે.દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પર કિરેન રિજિજુએ કહ્યું, 'જસ્ટિસ વર્મા વિરુદ્ધ મહાભિયોગ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર સાથે સંબંધિત મામલો છે. આમાં કોઈપણ પ્રકારની રાજનીતિને અવકાશ નથી.' તેમણે કહ્યું હતું કે હું બધા રાજકીય પક્ષો વચ્ચે સર્વસંમતિ બનાવી રહ્યો છું. આ માટે મેં અગ્રણી નેતાઓ સાથે ચર્ચા શરૂ કરી છે.

## MPમાં સિમેન્ટથી ભરેલી ટ્રક વાન પર પલટી, 9નાં મોત

• અલીરાજપુર

મધ્યપ્રદેશના ઝાબુઆમાં, ગઈ મોડીરાત્રે ટ્રક સાથે અથડાતાં ઓમ્ની વાનમાં મુસાફરી કરી રહેલા 9 લોકોનાં મોત થયાં હતાં. આ અકસ્માત ભવપુરા ગામ નજીક કલ્યાણપુરામાં થયો હતો, જેમાં 4 બાળક, 3 મહિલા અને 2 પુરુષનો સમાવેશ થાય છે. અકસ્માત સર્જી ટ્રકચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. મૃતકોમાં મુકેશ ખાપેડ (40), તેની પત્ની સાવલી (35), પુત્ર વિનોદ (16), પુત્રી પાયલ (12), માધી બામણીયા (38), વિજય બામણિયા (14), કાંતા બામણિયા (14), રાગિણી બામણિયા (9) અને અકાલી પરમાર (35) નો સમાવેશ થાય છે. પાયલ પરમાર (19) અને 5 વર્ષીય આશુ બામણિયાને ઈજા થઈ હતી અને તેમને હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, ટ્રક નિર્માણાધીન પુલ પાસે ઓમ્ની વાનને કચડી નાખી હતી. વાનમાં સવાર તમામ લોકો મેઘનગર તાલુકાના શિવગઢ મહુડાના રહેવાસી હતા. થાંદલા અને મેઘનગર પોલીસની ટીમો એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલો અને મૃતકોને થાંડલા સિવિલ હોસ્પિટલ અને મેઘનગર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ઝાબુઆના એસપી પદમ વિલોચન શુક્લાએ જણાવ્યું હતું કે 'મેઘનગર નજીક સિમેન્ટથી ભરેલી ટ્રક પલટી ગઈ અને ઓમ્ની વાન પર પડી. આ અકસ્માતમાં 9 લોકોના મોત થયા છે, જ્યારે બે ઘાયલ થયા છે.

## પંજાબના વધુ એક યુટ્યુબરની જાસૂસીના આરોપમાં ધરપકડ:ISIના સંપર્કમાં હતો

### જ્યોતિ-દાનિશ સાથે પણ લિંક મળી; 3 દિવસના પોલીસ રિમાન્ડ પર ધકેલ્યો

• ચંદીગઢ

પંજાબ પોલીસે પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર યુટ્યુબર જસબીર સિંહની ધરપકડ કરી છે. જસબીર સિંહ રૂપનગરના મહાલન ગામના રહેવાસી છે અને તેમની યુટ્યુબ ચેનલ 'જાન મહેલ' પર 10 લાખથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. તે 3 વખત પાકિસ્તાનની મુલાકાત લઈ ચૂક્યો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે તે ISI એજન્ટ હસન અલી ઉર્ફે જટ્ટ રંધાવાના સંપર્કમાં હતો. તે હરિયાણાથી ધરપકડ કરાયેલા યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રા અને પાકિસ્તાની હાઈ કમિશનમાંથી કાઢી મૂકવામાં આવેલા અધિકારી એહસાન-ઉર-રહીમ ઉર્ફે દાનિશના સંપર્કમાં પણ હતો. સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલ (SSOC)ના DSP પવન શર્માએ જણાવ્યું કે જસબીર સિંહ સામે મોહાલીમાં કેસ નોંધવામાં આવ્યો છે. બુધવારે જસબીરને કોર્ટમાં હાજર કરીને 3 દિવસ પોલીસ રિમાન્ડ મંજુર થયા છે.પાકિસ્તાની સેનાના અધિકારીઓને મળ્યો હતો: ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું કે જસબીર સિંહે દાનિશના આમંત્રણ પર દિલ્હીમાં આયોજિત પાકિસ્તાન નેશનલ ડેના કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં તે પાકિસ્તાની સેનાના અધિકારીઓ અને બ્લોગર્સને મળ્યો હતો. તે 2020, 2021 અને 2024માં પાકિસ્તાનની મુલાકાત લઈ ચૂક્યો છે.ફોનમાં પાકિસ્તાની નંબર મળ્યા: પોલીસનું કહેવું છે કે તપાસ દરમિયાન, તેના ઈલેક્ટ્રોનિક ગેજેટ્સમાંથી ઘણા પાકિસ્તાનના નંબરો અને અન્ય ડેટા મળી આવ્યા છે. તેણે કેટલીક તારીખો પણ ડિલીટ કરી દીધી છે. તેનો ફોન અને લેપટોપ ફોરેન્સિક તપાસ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે. જ્યોતિની ધરપકડ બાદ, પોલીસને જસબીર સિંહ પર પણ શંકા ગઈ હતી. જસબીર સિંહે પોતાની યુટ્યુબ ચેનલ પર પાકિસ્તાનને લગતા ઘણા વીડિયો અપલોડ કર્યા છે. આમાં અટારી બોર્ડરથી પાકિસ્તાનમાં પ્રવેશતા તેનો એક વીડિયો પણ સામેલ છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

**આસ્થા** શહેર ઉપરાંત જિલ્લામાં ગાયત્રી મંત્રના ગુંજન સાથે ઠેર-ઠેર પ્રભાતફેરી નિકળશે, પરિવારના સાધકો ઘેર ઘેર યજ્ઞા કરશે

# કાલે નિર્જળા એકાદશી, ભીમ અગિયારસ અને ગાયત્રી જયંતિનો સુભગ સમન્વય

### મંદિરો અને હવેલીમાં વિવિધ પાઠનું પઠન થશે




ભાવનગર :પ્રતિવર્ષનીજેમઆ વર્ષે પણ આગામી શુક્રવારે નિર્જળા એકાદશી,ભીમ અગિયારસ અને ગાયત્રીજયંતિનોસમન્વયસર્જાશે. આ સાથે ચોમેર વેદમાતા ગાયત્રી જયંતિ પણ ઉજવાશે.આ પ્રસંગે ગાયત્રી પરિવાર દ્વારા પ્રભાતફેરી અને મહાયજ્ઞા સહિતના કાર્યક્રમો યોજાશે.

જેઠ મહિનામાં સુદ પક્ષમાં આવતી એકાદશી નિર્જળા એકાદશી તરીકે પણ ઓળખાય છે. આ નિર્જળા એકાદશી કે ભીમ અગિયારસ નિમીત્તે નકોરડા(નિર્જળા) ઉપવાસનું મહાત્મ્ય છે. પ્રતિ વર્ષ દરમિયાન ૨૪ અને અધિક માસ હોય ત્યારે ૨૬ અગિયારસ આવે છે.જેમાં નિર્જળા એકાદશી વર્ષની સર્વશ્રેષ્ઠ અને તમામ એકાદશીનું સામટુ ફળ આપનારી એકાદશી હોય સમસ્ત વૈષ્ણવ સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રધ્ધાળુઓ આ અગિયારસે પાણી વગર અથવા તો ફરાળ કરી ઉજવે છે.આ દિવસે કરાયેલુ અન્નદાન અક્ષય થાય છે તેથી જ ભીમ અગિયારસના મહાપર્વે બહેનો, દિકરીઓને ભેટ, દક્ષિણા તેમજ સાધુ, બ્રાહ્મણ, મહંતો અને પુજારીઓને અન્નદાન,વસ્ત્રદાન અને રોકડદાન આપવાની પણ પરંપરા આ વર્ષે પણ જળવાશે. આ સાથે વેદોના માતા ગાયત્રી માતાજીની જયંતિ નિમિત્તે શહેરના ચિત્રા તેમજ ઘોઘા રોડ પર ગાયત્રી મંદિરોમાં મહાપૂજન, મહાયજ્ઞા, ધ્વજારોહણ, દીપયજ્ઞા, પ્રજ્ઞાગીતગાન, ગાયત્રીમંત્રના અખંડ સમુહ જાપ સહિતના કાર્યક્રમો યોજાશે. તેમજ ગાયત્રીમંત્રના ગુંજન સાથે શહેર ઉપરાંત જિલ્લામાં પણ પ્રભાતફેરી પણ નિકળશે. તો, ધર્મસ્થાનો અને પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં શ્રીજી સ્મરણ, યમુનાષ્ટકના તેમજ સર્વોત્તમ સ્તોત્રના પાઠ પણ કરાશે.

ભાવનગર શહેર અને જિલ્લામાં શુક્રવારે ભીમ અગિયારસના મહાપર્વે જગતના તાત ખેડૂતો દ્વારા વિધિવત રીતે શુકનવંતી વાવણીનો શુભારંભ કરવામાં આવશે. ખેડૂતોના ઘેર ઘેર લાપસીના એંધાણ મુકાશે. કૃષિના ઓજારોની વિધિવત પુજા અર્ચના કરી ગોળધાણા ખવાશે.

---

તાલુકાની ૧૩ ગ્રા.પં.માં સરકારી વહીવટદારો અને ૦૫ માં ઈન્ચાર્જ સરપંચોનું રાજ ખતમ

# ઓલપાડ તાલુકાની ૧૮ ગ્રા.પં.માં સરપંચ સાથે ખાલી વોર્ડ સભ્યોની ચૂંટણી યોજાશે

**તાલુકાની મહત્વની સાયણ, નઘોઈ,ખલીપોર,અછારણ અને ઓલપાડ ગૃપ ગ્રા.પં.માં "કાંટે કી ટક્કર"સાથે સરપંચની ચૂંટણી યોજાતા સત્તા કબજે કરવા સ્થાનિક રાજકીય પાર્ટીના નેતાઓમાં દોડધામ વધી**

• ઓલપાડ

ઓલપાડ તાલુકા પ્રાંત અધિકારીએ તાલુકાની ૧૮ ગ્રામ પંચાયતોમાં સરપંચ તથા ખાલી વોર્ડ સભ્યોની સામાન્ય અને પેટા ચૂંટણી માટે ગત સોમવાર,તા-૦૨ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરતાં તાલુકાના પંચાયતી રાજકરણમાં ભારે ગરમાટો આવ્યો છે. જ્યારે તાલુકામાં રાજકરણ રાજકરણ ક્ષેત્રે મહત્વની ગણાતી સાયણ,ઓલપાડ, ખલીપોર,અછારણ અને વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના વતનના ગામ નઘોઈ ગ્રા.પં.માં પોતાનો માનીતો ઉમેદવાર ગોઠવી સત્તા કબજે કરવા દરેક રાજકીય પાર્ટીના સ્થાનિક નેતાઓમાં દોડધામ વધી જવા પામી છે.

વિગત અનુસાર તાલુકાની જોથાણ, તળાદ,બોલાવ અને દાંડી મળી કુલ ૦૪ ગ્રા.પં.ની મુદત તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરી થઈ હતી, તો તાલુકાની ૧૩ ગૃપ ગ્રા.પં.નું વિભાજન કરાતાં આ ગ્રા.પં.માં વહીવટદારનું શાસન હતું. જ્યારે તાલુકાની સાયણ,ઓલપાડ ગૃપ,ખલીપોર,અછારણ અને નઘોઈ ગ્રા.પં.ની મુદત પુરી થાય તે પહેલા જ સરપંચના હોદ્દાની જગ્યા ખાલી પડતાં આ ગામોમાં ઈન્ચાર્જ સરપંચથી ગાડું ગબડાવવામાં આવી રહ્યું હતું. જો કે હવે ચૂંટણીપંચે તાલુકાની ૧૮ ગ્રા.પં.ના સરપંચોની સામાન્ય તથા પેટા ચૂંટણી જાહેર કરતાં ચૂંટણીના પરિણામ બાદ વહીવટદાર અને ઈન્ચાર્જ સરપંચનું રાજ ખતમ થશે. ગ્રૃપ ગ્રામ પંચાયત માંથી વિભાજન થયેલ ૧૩ ગ્રા.પં.ની સામાન્ય ચૂંટણી ઓલપાડ તાલુકાની ગ્રા.પં.પૈકી ગ્રુપ ગ્રા.પં.માંથી વિભાજન થઈ છૂટી પડેલ ૧૩ ગામના સરપંચ સહિત વોર્ડ સભ્યોની ખાલી બેઠક માટે સામાન્ય ચૂંટણી યોજાશે.જે પૈકી આંધી ગ્રા.પં.માં બક્ષીપંચ(સ્ત્રી),ગોલા ગ્રા.પં.માં સામાન્ય (સ્ત્રી),કણભી ગ્રા. પં.માં એસ.ટી.(સ્ત્રી),પારડી ભાદોલી ગ્રા.પં.માં સામાન્ય બીન અનામત,કાંઠાની કાછોલ ગ્રા.પં.માં સામાન્ય બીન અનામત,કાસલાખુર્દ ગ્રા.પં.માં એસ.ટી.(સ્ત્રી),કાસલા બુજરંગ ગ્રા.પં.માં સામાન્ય બીન અનામત,ટુંડા ગ્રા. પં. માં સામાન્ય(સ્ત્રી), ડભારી ગ્રા.પં.માં સામાન્ય(સ્ત્રી),દાંડી ગ્રા.પં.માં એસ.ટી.(સ્ત્રી),જોથાણ ગ્રા.પં.માં એસ.ટી.(સ્ત્રી),તળાદ ગ્રા. પં.માં બક્ષીપંચ(સ્ત્રી),બોલાવ ગ્રા. પં.માં એસ.ટી.(સામાન્ય)સીટનાં ઉમેદવારોથી સરપંચની ચૂંટણી લડાશે. આ ૧૩ ગ્રા.પં.માં સરપંચ સાથે દરેકમાં આઠ-આઠ વોર્ડ સભ્યોની ચૂંટણી પણ જુદી-જુદી જ્ઞાતિની કેટેગરીનાં ઉમેદવારો થી લડાશે. સરપંચનો હોદ્દો ખાલી પડતાં પેટા ચૂંટણી સરપંચપદ માટે અછારણ ગ્રા.પં.માં સામાન્ય(સ્ત્રી),સાયણ ગ્રા.પં.માં સામાન્ય (સ્ત્રી),નઘોઈ ગ્રા.પં.માં સામાન્ય(સ્ત્રી), ખલીપોર ગ્રા.પં.માં સામાન્ય બીન અનામત સાથે વોર્ડ નં.૧,૪ અને ૮ માં તથા ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.માં સામાન્ય (સ્ત્રી) સાથે ગ્રા.પં.નાં વોર્ડ નં.૬,૯,૧૦ અને ૧૨ માં સરપંચ સાથે જુદી-જુદી જ્ઞાતિની કેટેગરીનાં ઉમેદવારો થી વોર્ડ સભ્યોની ચૂંટણી લડાશે. ખાલી પડેલ ગ્રા.પં.નાં વોર્ડ સભ્યોની પેટા ચૂંટણી તાલુકાની ગ્રા.પં.માં માત્ર એક-એક વોર્ડ સભ્યોની યોજાનાર પેટા ચૂંટણી પૈકી અટોદરા,અણિતા, કરંજ ગ્રુપ,ખોસડીયા, બલકસ,માધર,સરોલી,સેલુત ગ્રા.પં.નાં વોર્ડ નં.૮ માં,જયારે અંભેટા,દેલાડ,વડોદ, શેરડી અને સીમલથું મળી પાંચ ગ્રા.પં.નાં વોર્ડ નં.૫ માં,કીમ વોર્ડ નં.૧૧ માં,એરથાણ અને કુંકણી વોર્ડ નં.૧ માં,કુંભારી અને હાથીસા વોર્ડ નં.૬ માં, ઉમરાછી, ઓભલા ગ્રુપ,કંથરાજ,દેલાસા,મુળદ ગ્રા. પં.નાં વોર્ડ નં.૩ માં,કરમલા વોર્ડ નં.૪ માં,કુંભારી વોર્ડ નં.૬ માં તથા ભગવા અને સરસ ગામના વોર્ડ નં.૨ માં પેટા ચૂંટણી યોજાશે. જયારે ગ્રા.પં.નાં બે વોર્ડ સભ્યોની ચૂંટણી પૈકી ઈશનપોર વોર્ડ નં.૩ અને ૮ માં, સિથાણ વોર્ડ નં.૩ અને ૪ માં,કદરામા વોર્ડ નં.૧ અને ૮ માં,સોંસક વોર્ડ નં.૫ અને ૮ માં,કનાદ (કનાજ)વોર્ડ નં.૧ અને ૫ માં,કોબા ગ્રુપ વોર્ડ નં.૧ અને ૩ માં ચૂંટણી યોજાશે. આ ઉપરાંત કોસમ વોર્ડ નં.૧,૪ અને ૭ માં તથા પારડી કોબા વોર્ડ નં.૨,૪ અને ૮ નાં ત્રણ-ત્રણ વોર્ડમાં પેટા ચૂંટણી યોજાશે.

---

# દિયોદર લુદરા પાસે ભંગારના ગોડાઉનમાં આગ લાખો રૂપિયાનું નુકશાન પહોંચ્યું

**સતત ચાર કલાકની ભારે મહેનત બાદ ફાયરબ્રિગેડ ની ટીમે આગ પર કાબૂ મેળવ્યો**

• પાક્કો ગુજરાત



દિયોદર ભાભર રોડ ઉપર લુદરા પાસે મંગળવાર ની રાત્રે એક ભંગાર ના ગોડાઉન માં એકાએક આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી જેમાં આગે વિશાળ સ્વરૂપ ધારણ કરતા ભાભર , થરા,અને થરાદ નગરપાલિકા ની ફાયર ટીમ ને બોલાવી સતત ચાર કલાક સુધી પાણી નો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો આગ ક્યાં કારણસર લાગી તે હજુ જાણવા મળ્યું નથી

દિયોદર ભાભર હાઈવે વિસ્તાર પર લુદરા પાસે એક ભંગાર ના ગોડાઉન માં મંગળવાર ની રાત્રે એકાએક આગ લાગી હતી જેમાં આગ ની જાણ આજુ બાજુ ના લોકો ને થતાં લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા જેમાં ભંગાર ના ગોડાઉન માં પ્લાસ્ટિક વધુ હોવાથી આગે વિશાળ સ્વરૂપ ધારણ કર્યું જે અંગે દિયોદર પોલીસ પણ મોડી રાત્રે બનાવ સ્થળે દોડી આવી હતી જેમાં આગ પર પાણી નો મારો ચલાવતા આગ કાબુમાં ન આવતા પોલીસે થરા,ભાભર અને થરાદ નગરપાલિકા ફાયર ટીમ ની મદદ લેવામાં આવી હતી જેમાં સતત ચાર કલાક સુધી પાણી નો મારો ચલાવી આગ પર ટીમે કાબૂ મેળવ્યો હતો આગ ક્યાં કારણસર લાગી તે હજુ જાણી શકાયું નથી આગ લાગવાનું કારણ અંગે પણ પોલીસે ગોડાઉન માલિક ની જાણવા જોગ ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે જો કે ભંગાર ના ગોડાઉન માં આગ લાગતાં લાખો રૂપિયા નું નુકશાન આવ્યું હતું

---

# સુરતના કતારગામ ઝોનની સિંગણપોર સોસાયટીમાં ડ્રેનેજની કામગીરી બાદ રસ્તા નહી બનતા સ્થાનિકોની હાલત કફોડી

• સુરત



સુરતમાં હાલ કમૌસમી વરસાદ વરસી રહ્યો છે અને સત્તાવાર વરસાદની ગણતરી થઈ રહી છે ત્યારે શહેરની અનેક સોસાયટીમાં ડ્રેનેજ અને રસ્તાની કામગીરી ચાલી રહી છે. પાલિકાના કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે સુરતની સંખ્યાબંધ સોસાયટીના લોકોની હાલત કફોડી થઈ રહી છે. ડ્રેનેજની અધૂરી કામગીરી અને હાલ પડી રહેલા વરસાદના કારણે સોસાયટીના રસ્તા કાદવીયા બન્યા છે અને લોકોને રસ્તા પર ચાલવું પણ મુશ્કેલ બની રહ્યું છે. પાલિકાએ લોકોની ફરિયાદ નહી સાંભળતા સોસાયટીના રહીશો ચૂંટાયેલા પ્રતિનિધિઓને ફરિયાદ કરી રહ્યાં છે. સુરત પાલિકાના કોન્ટ્રાક્ટરોની ગંભીર બેદરકારીને કારણે ચોમાસા પહેલાં સુરતના અનેક સોસાયટીના રસ્તા કાદવીયા બન્યા છે. પાલિકાએ દિવાળી બાદ અનેક સોસાયટીના રસ્તા-ડ્રેનેજના કામનું ખાત મુર્હૂત કર્યા હતા અને હાલ કામ ચાલી રહ્યાં છે પરંતુ કોન્ટ્રાક્ટરોની ગંભીર બેદરકારી અને પાલિકાના નબળા સુપરવિઝનના કારણે લોકોની હાલત કફોડી થઈ રહી છે. પાલિકાના કતારગામ ઝોનમાં સીંગણપોર વિસ્તારમાં કૃષ્ણનગરમાં ડ્રેનેજનું કામ ચાલી રહ્યું છે પરંતુ ગોકળગાયની ગતિએ આ કામ ચાલે છે અને યોગ્ય કામગીરી થતી ન હોવાથી હાલ આ સોસાયટીના લોકો નર્કાગારમાં જીવતા હોય તેવી હાલત છે. ડ્રેનેજનું કામ અધુરુ છે અને ડ્રેનેજનું કામ બાદ મેટલ ગ્રાઉન્ડીંગ કર્યું નથી. હાલ વરસાદ પડી રહ્યો છે તેના કારણે રસ્તાઓ પર કાદવના થર થઈ ગયા છે લોકોએ ઘરની બહાર નીકળવું મુશ્કેલ છે. લોકો વાહન લઈ નિકળે તો વાહન સ્લીપ થઈ રહ્યાં છે આવી સ્થિતિમાં લોકોની હાલત કફોડી થઈ રહી છે. આગામી દિવસમાં સ્કુલ શરુ થઈ રહી છે ત્યારે બાળકોને સ્કૂલે મુકવા જવા પણ મુશ્કેલી પડે તેમ હોવાથી સંખ્યાબંધ મહિલાઓ કતારગામ ધારાસભ્ય વિનોદ મોરડીયાને રજુઆત કરવા આવ્યા હતા. તેઓએ ફરિયાદ કરતાં કહ્યું હતું કે, પાલિકા અને કોન્ટ્રાક્ટરોને અનેક ફરિયાદ કરી છે તેમ છતાં સમસ્યાનો હલ થતો નથી. ધારાસભ્યએ પાલિકાના અધિકારીઓને સૂચના આપીને સમસ્યા ગણતરીના દિવસોમાં પુરી થાય તેમ કહ્યું છે. આ તો સિંગાપોરની એક સોસાયટીની ફરિયાદ હતી પરંતુ કતારગામ ઝોન જ નહી પરંતુ શહેરના તમામ વિસ્તારમાં જે સોસાયટીઓમાં ડ્રેનેજના કામ ચાલી રહ્યાં છે તેમાંથી મોટાભાગની સોસાયટીઓમાં આવી હાલત છે અને આગામી દિવસોમાં વરસાદ શરૂ થયા બાદ સોસાયટીની હાલત વધુ કફોડી થાય તેવી ભીતિ લોકો વ્યક્ત કરી રહ્યાં છે.

---

સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા

# કેન્દ્ર સરકારના ૧૧ વર્ષના શાસન પૂરા થતા બારડોલી ખાતે કાર્યશાળા યોજાઈ

• આસ્તિકપટેલ ઓલપાડ

સંકલ્પથી સિદ્ધિ સુધી" મોદી સરકારના વિકસિત ભારતના અમૃતકાળના ૧૧ વર્ષ પૂરા થતા . જે અંતર્ગત સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ ની અધ્યક્ષતામાં બારડોલી લેઉવા પાટીદાર સમાજની વાડી ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રદેશ ઈન્ચાર્જ અને પ્રદેશ કિશન મોરચાના પ્રમુખ હિતેશભાઈ પટેલ, ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું.કે.વિકસિત ભારત અંતર્ગત મોદી સરકાર દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં લોકો માટે લાગુ કરાયેલી યોજનાઓ વિશે માહિતી આપી હતી.ત્યાર બાદ આ કાર્યશાળાના મુખ્ય વક્તા હિતેશ ભાઈ પટેલે જણાવ્યું હતું.કે. દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આગેવાનીમાં ભારત દેશે વૈશ્વિક સિદ્ધિ હાંસલ કરી છે.વધુમાં તેમણે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું. કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારતીય સેના દ્વારા અપ્રિતમ સાહસ અને શૌર્યનો પરિચય આપતા કેવી રીતે કોઈ પણ સામાન્ય નાગરિકોને હાનિ પહોંચાડ્યા વગર આતંકીઓને અને તેમના આકાઓને કલ્પનાથી પણ પરે સજા આપી હતી અને તેમના નવ જેટલા બેઝ નાશ કર્યા હતા અને આતંકીઓનો ખાતમો કર્યો હતો. તેમણે જુદી જુદી યોજનાનો ઉલ્લેખ કરતાં વૃક્ષારોપણ યોજના, પર્યાવરણ લક્ષી યોજનાનો, જળસંચય યોજનાઓ, વય વંદના યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના તથા વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી.તેમજ આગામી દિવસોમાં પાર્ટી દ્વારા યોજવામાં આવનાર વિવિધ કાર્યક્રમો વિશે પણ માહિતી આપી હતી. સાથે તેમણે વિકસિત ભારત સંકલ્પ સભાના અંતર્ગત કરવામાં આવનાર કામોનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ મહામંત્રીશ્રીઓ જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ, કિશનભાઈ પટેલ,તથા પ્રદેશ સહ સંયોજક વન નેશન વન ઈલેક્શન જગદીશ ભાઈ પારેખ, કાર્યક્રમના જીલ્લા સંયોજક/સહ સંયોજક કિશનભાઈ પટેલ, મોહનભાઈ આહિર, કમલેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખશ્રીઓ કેતનભાઈ પટેલ, અશોકભાઈ રાઠોડ, જીલ્લા પંચાયત માજી. પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, મંડળના પ્રમુખશ્રી/ મહામંત્રીશ્રીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ કાર્યશાળા નું સંચાલન મહામંત્રી શ્રી જીગરભાઈ નાયકે કર્યું હતું.જયારે આભાર વિધિ મહામંત્રી શ્રી રાજેશ ભાઈ પટેલે કરી હતી.

---

# તલોદ તાલુકાના વાવ ખાતે ઓર્ગેનિક ખેતી અંગે સેમિનાર યોજાયું

• ઉમંગ રાવલ સાબરકાંઠા



તલોદ તાલુકાના વાવ ખાતે વિકસિત કૃષિ સંકલ્પ ભારત અભિયાન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ના સિનિયર કૃષિ તજજ્ઞ જે જે મિસ્ત્રી, બી. સી પટેલ અને ઔષધીય અને સુગંધિત પાક સંશોધન કેન્દ્ર આણંદ ના રઘુરાજ સિંહ તેમજ ભારતીય કિસાન સંઘ ના પ્રમુખ કોદર ભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં ઓર્ગેનિક ખેતી અંગે ના માર્ગદર્શન અને સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્મા ના કૃષિ તજજ્ઞ જેજે મિસ્ત્રી એ હાલમાં અતિશય રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ થી થતી ખેત પેદાશોના કારણે જમીન ખૂબ જ કઠણ અને બિન ઉપજાઉ બની છે જેથી ઉપસ્થિત ખેડૂતોને ઓર્ગેનિક ખેતી કરવા માટે હાકલ કરી હતી અંતમાં રઘુરાજ સિંહે ઔષધીય અને સુગંધિત પાક પુષ્પો અને ફળો તથા શાકભાજી ઓર્ગેનિક પદ્ધતિ થી કરે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રકારની યોજનાઓ ની વિસ્તૃત માહિતી આપી હતી.

---

**ન્યૂઝ ફોકસ** "એક દીકરી, એક છોડ -એક સંસ્કારી અને એવરગ્રીન આવતીકાલ માટે "સ્લોગન સાથે જિલ્લાભરમાં કરી રહ્યા છે પર્યાવરણ ના જતન માટેના પ્રયાસ : દીકરી અને છોડ – બંને જીવન આપે છે : "જ્યાં દીકરીનો જન્મ થાય છે, ત્યાં હું એક નાનો છોડ રોપું છું, દીકરી વધે તેમ વધે એ વૃક્ષ – પ્રેમ, આશીર્વાદ અને સંસ્કારથી ભરેલું. છોડ ને દીકરી – બંનેને હું લાગણીથી સેજું છું, એક ઘર ઉજળે પ્રકાશથી, બીજું હરિયાળાથી...!" રક્ષા ચૌધરી

# સરહદી વિસ્તારની મહિલાએ પર્યાવરણના જતનમાટે અનોખું અભિયાન શરૂ કર્યું

### નવજાત દીકરીઓના જન્મ પ્રસંગે વૃક્ષ આપી દીકરી ના જતન સાથે વૃક્ષના જતન માટે કરી રહયા છે અનોખી સેવા

• દિપક પુરબિયા

બનાસકાંઠા જિલ્લાના છેવાડા સુઈગામ તાલુકાના કટાવ ગામના મુળ વતની અને પાલનપુરના એગોલા રોડ ખાતે રહેતા રક્ષા ચૌધરી નામના મહિલાએ પર્યાવરણ ના જતન માટે અનોખું અભિયાન શરૂ કર્યું છે જોકે બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવા માટે અનેક લોકો વૃક્ષારોપણ કરતા હોય છે અનેક સંસ્થાઓ પણ કાર્યરત છે પરંતુ રક્ષા ચૌધરી અનોખી રીતે પર્યાવરણ ના જતન ની કામગીરી કરી રહ્યા છે બનાસકાંઠા જિલ્લામાં કંઈપણ સ્થળે દીકરી નો જન્મ થાય અને તેમને માહિતી મળે એટલે તેઓ ભગવદ ગીતા અને એક વૃક્ષ લઈને એ પરિવાર પાસે પહોંચી જાય છે અને દીકરી ને ભગવદ ગીતાનું પુસ્તક આપે છે અને દીકરી ની માતા ને એક ફળાઉ વૃક્ષ ની ભેંટ આપે છે અને દીકરી ની માતા ને જેમ દીકરીનો ઉછેર થાય તેમ તેમ વૃક્ષ નો પણ ઉછેર કરવા માટે પ્રેરિત કરે છે તેમજ કપડાં પણ ભેંટ આપે છે. રક્ષા ચૌધરી નું માનવું છે કે દીકરી અને છોડ બંને જીવન આપે છે એટલે દીકરી ની સાથે સાથે વૃક્ષ ની પણ જતન કરવું જોઈએ કારણ કે દીકરી બે ઘર ઉજાળે છે અને વૃક્ષ એ આપણ ને જીવન જીવવા માટે એક શ્વાસ પુરો પાડે છે. રક્ષા ચૌધરી છેલ્લા છ મહિનાથી આ અભિયાન ચલાવી રહ્યા છે જોકે મહત્વની વાત એ છે કે કોઈ સંસ્થા કે ટ્રસ્ટ સાથે જોડાયેલ નથી અને એકલા હાથે આ અભિયાન ચલાવી રહ્યા છે જોકે રક્ષા ચૌધરી નું કહેવું છે ને આ અભિયાન માં તેમના પતિ કુલદીપ ચૌધરી નો મહત્વનો ફાળો છે ત્યારે આજે વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષની સાથે સાથે દીકરીઓના જતન માટેની પણ આ અનોખી સેવા કરતા સરહદી મહિલાને લાખો વંદન. "એક પેડ બેટી કે નામ" દીકરી વાત્સલ્ય: રક્ષા ચૌધરી કોઈ પરિવારમાં એક દીકરીનો જન્મ થાય એટલે લોકો દીકરી વધાવતા હોય છે પરંતુ એક કરતા વધુ દીકરી ઓ નો જન્મ થાય એટલે લોકોમાં દીકરીઓ માટે ઓરમાયું વર્તન જોવા મળે છે ક્યારે છ માસ અગાઉ મને આ વિચાર આવ્યો કે દીકરીઓ કે જેઓ બે પરિવાર અને ઉજાળતી હોય છે એટલે મેં સંકલ્પ કર્યો કે જ્યાં પણ દીકરી નો જન્મ થશે ત્યાં હુ એક ભાગવત ગીતા અને પુસ્તક આપીશ અને એક વૃક્ષ આપી કારણ કે ભગવદ્ ગીતાનું જે પુસ્તક છે તેનાથી દીકરીના જન્મથી જ તેની અંદર ભારતીય સંસ્કૃતિ અને હિંદુ સંસ્કૃતિની પરંપરા જળવાઈ રહે અને તે આપણી સંસ્કૃતિના જાળવણી માટે ના પ્રયાસો કરે સાથે સાથે વૃક્ષ એટલા માટે કે જેમ જેમ દીકરીનો ઉછેર થતો જાય તેમ તેમ વૃક્ષનો પણ ઉછેર થાય છે એટલે મારા આ નાના પ્રયત્નથી બનાસકાંઠા જિલ્લો હરિયાળો બને અને લોકોને પણ દીકરીઓનું મહત્વ સમજાય એ આશયથી હું આ અભિયાન છેલ્લા છ માસથી ચલાવું છું અને જે પણ ના ઘરે દીકરી નો જન્મ થાય ત્યાં હુ ભગવત ગીતાનું પુસ્તક એક વૃક્ષ અને દીકરીના કપડા ભેટ આપું છું.



## ઘી સોંસક કોટન મંડળીના રૂ.૫૮.૪૦ લાખના કૌભાંડનો રેલો જુની બોર્ડના પગ તળે પહોંચ્યો

# સુ.જિ.સહકારી મંડળીના રજીસ્ટ્રારે તત્કાલિન બોર્ડના ૧૪ ડિરેક્ટરોને કલમ-૯૩ હેઠળ નોટીસ ફટકારી

### મંડળીમાં ચૂંટણી હારી ગયેલા સોંસકના માજી પ્રમુખ કેતન શાંતિલાલ પટેલે મંડળીમાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરવા જિલ્લા રજીસ્ટ્રારને આપેલ અરજીમાં પોતે તો ભેરવાયા પણ સાથે ૧૩ ડિરેક્ટરોને લપેટમાં લીધા

• ઓલપાડ

દેશની આઝાદી પૂર્વેથી ઓલપાડ જીન કેપમ્સમાં કાર્યરત ૧૦૪ વર્ષ જુની કોટન ક્ષેત્રની દેશની પ્રથમ સહકારી મંડળી ઘી સોંસક કોટન મંડળી માં રૂ.૫૮,૪૦,૩૪૬ ના થયેલ કૌભાંડી ભ્રષ્ટાચારનો રેલો મંડળીની તત્કાલિન બોર્ડનાં પગ તળે પહોંચ્યો છે.જે કેસમાં જિલ્લા રજીસ્ટ્રારે જુની બોર્ડનાં પ્રમુખ કેતન શાંતિલાલ પટેલ સહિત ૧૪ વ્ય. સમિતિનાં સભ્યોને ગુ. સ.મંડળી અધિનિયમ- ૧૯૬૧ ની કલમ-૯૩ હેઠળ કારણદર્શક નોટીસ ફટકારી છે.જો કે મંડળીના માજી પ્રમુખ કેતન પટેલે તેમના વહીવટ બાદ મંડળીની સસ્પેન્ડ નવી બોર્ડના નેજા હેઠળ થયેલ નાણાંકીય કૌભાંડની તપાસ કરવા ખુદ પોતે ફરીયાદી બની રજીસ્ટ્રારના દ્વાર ખખડાવ્યા હતાં.પરંતુ આ ફરીયાદની તપાસ માં ખુદ પોતે તો ભેરવાઈ ગયા પણ સાથે અન્ય ૧૩ ડિરેકટરોને પણ લપેટ માં લીધા છે.જેના પગલે જુના ડિરેકટરો ની ઉંઘ હરામ થઈ જતાં જિલ્લાના સહકારી રાજકરણ માં ભારે ગરમાટો આવ્યો છે.

સુ.જિ.સહકારી મંડળીઓનાં રજીસ્ટ્રારે ઓલપાડ જીન કેમ્પસની ઘી સોંસક કોટન મંડળી ના મેનેજર મંડળીના મેનેજર પરેશ રણજીતસિંહ ઠાકોર (કરમલા),મંડળીના ક્લાર્ક અને ગોડાઉન કિપર વિશ્વજીતસિંહ સોલંકી(કંથરાજ)અને કોમ્પ્યુટર ઓપરેટર મયુર પટેલ(આંધી) એ ત્રણે ભેગા મળીને મંડળીમાં ખાતરના ખોટા બીલો અને વાઉચર બનાવી કુલ રૂ.૫૮.૪૦ લાખનું કૌભાંડ આચર્યું હતું. જો કે મંડળીની કાર્યરત નવી બોર્ડના નેજા હેઠળ થયેલ કૌભાંડ મામલે માજી પ્રમુખ કેતન શાંતિ લાલ પટેલે જિલ્લા રજીસ્ટ્રારને લેખિત ફરીયાદ કરી હતી કે, તેમના પ્રમુખપણાના વહીવટ સમયે પણ આ ત્રણે કર્મચારી ઓએ સભાસદોના માલ એડવાન્સના રૂ.૬,૦૦,૮૫૦ ના ખોટા બીલો ઉધારેલ હતાં.જેની વસુલાત ચાલુ બોર્ડે કરેલ નથી. આ ઉપરાંત કાર્યરત બોર્ડે મંડળીના કોમ્પ્યુટર હિસાબોના બદલે મેન્યુઅલ હિસાબો મંજુર કરેલ છે.જયારે કૌભાંડ સમયે કાર્યરત બોર્ડે ત્રણે કૌભાંડીઓ પાસેથી આ રકમની વસુલાત લીધા વિના કે પોલીસ ફરીયાદ કર્યા વિના સ્વૈચ્છીક રાજીનામું લઈ છુટા કરી ગેરકાયદેસર વહીવટ કરેલ છે.જેથી આ બોર્ડ જવાબદાર હોવાથી તેઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવા માંગ કરી હતી.

#### હાલની બોર્ડને સસ્પેન્ડ કરી વહીવટ દારની નિમણુંકનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં

સદર મંડળીની રનિંગ બોર્ડને જિલ્લા રજીસ્ટ્રારે અગાઉ ફટકારેલ કલમ-૮૧ ની નોટીસની સુનાવણી બાદ ગત તા.૨૯ મી મે ના રોજ સસ્પેન્ડ કરી ઘરે બેસાડ્યા છે.જો કે કલમ-૮૧ નોટીસની બજવણી સમયે વહીવટદારની નિમણુંકના ભયથી મંડળીના પ્રમુખ જયેશ પટેલ(દેલાડ)સહિત બોર્ડે નામદાર હાઈકોર્ટમાં વહીવટદારની નિમણુંક ન થાય તે માટે મનાઈહુકમ અરજી આપી હતી. જો કે તે પહેલા જ મંડળીના ગોલા ગામના સભાસદ નિમેષ(લાલુ)પટેલે અગાઉથી હાઈકોર્ટમાં કેવિયત દાખલ કરેલ હોવાથી તે સમયની સુનાવણીમાં હાઈકોર્ટે જયેશ પટેલના વકીલની દલીલને ગ્રાહ્ય ન રાખી મનાઈ હુકમ આપ્યો ન હતો અને અરજદારોને ફટકાર લગાવી હતી કે,તમો પહેલા જિલ્લા રજીસ્ટ્રારની કલમ-૮૧ નો ખુલાસો આપી નિકાલ કરો. જો કે કલમ-૮૧ ની સુનાવણી બાદ જિલ્લા રજીસ્ટ્રારે ગણતરીના દિવસો માં જ ગત તા.૨૯ મી મે ના રોજ મંડળીમાં વહીવટદારની નિમણુંકનો હુકમ કરતાં વહીવટદારે તે જ દિવસે બપોરે મંડળીનો ચાર્જ સંભાળી નવી બોર્ડનેઘરે બેસાડી દીધી હતી.જેથી આ હુકમ થી નારાજ થયેલ જયેશ પટેલ(દેલાડ)ની બોર્ડના ૧૩ ડિરેકટરો હુકમની નકલ સાથે ફરી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મનાઈ હુકમ માટે પહોંચી અરજી આપી હતી. જેની સુનાવણી ગત મંગળવાર,તા.૦૩ જુનના રોજ હાથ ધરાતા આ મામલે હાઈકોર્ટે મનાઈ હુકમ આપવો કે કેમ?તેના ખુલાસા માટે જિલ્લા રજીસ્ટ્રાર અને વહીવટદારને નોટીસ ફટકારી વધુ સુનાવણી આગામી તા.૧૧ મી જુનના રોજ હાથ ધરશે.જેથી મંડળીમાંથી સસ્પેન્ડ થયેલ નવી બોર્ડના ડિરેકટરો હાઈકોર્ટના નિર્ણય ઉપર બાજ નજર રાખી રહ્યા છે.

#### મંડળીની બોર્ડને ફટકારેલ કલમ-૯૩ ની નોટીસ ઉપર હાઈકોર્ટનો સ્ટે



જિલ્લા રજીસ્ટ્રારે મંડળીની કાર્યરત બોર્ડના ૧૮ ડિરેકટરો સહિત કૌભાંડી ત્રણ કર્મચારીઓને ગત તા.૧૬ મી એપ્રિલના રોજ ગુ.સ.મં. અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૯૩ હેઠળ નોટીસ ફટકારી ખુલાસો માંગ્યો હતો.જો કે આ મામલે પણ ગોલાના સભાસદ નિમેષ પટેલે મનાઈ હુકમ ન મળે તે માટે ગુજરાત હાઈકોર્ટમાં કેવિયત દાખલ કરી હતી.પરંતુ મંડળીના સસ્પેન્ડ પ્રમુખ જયેશ પટેલે જો આ નોટીસ માં ગુનો સાબિત થાય તો મંડળીની બોર્ડ સહિત તેઓ છ વર્ષ સુધી સહકારી સંસ્થાઓની ચૂંટણી લડી ન શકે તેવા નિર્ણયના ભયથી તે સમયે તેમણે હાઈકોર્ટમાં કલમ-૯૩ ની નોટીસ બાબતે હાઈકોર્ટમાં મનાઈ હુકમ માંગ્યો હતો. જેની સુનાવણી દરમ્યાન કોર્ટે આ નોટીસમાં તેઓને મનાઈ હુકમ આપેલ હોવાથી આ નોટીસની વધુ સુનાવણી ચાલુ છે.

#### જિલ્લા સહકારી રજીસ્ટ્રારની વરૂણીમાં જુની બોર્ડનાં પ્રમુખ સહિત ૧૪ ડિરેકટરો

ઘી સોંસક કોટનનાં તત્કાલિન પ્રમુખ કેતન શાંતિલાલ પટેલ(સોંસ ક),રસિક ગોમાનભાઈ પટેલ(આંધી),પ્રજ્ઞેશ નગીનભાઈ પટેલ (ટકારમા),તરૂણ છોટુભાઈ પટેલ (એરથાણ),દિલિપસિંહ ગણપતસિંહ ઠાકોર (કણભી),નટવરસિંહ ઈશ્વરસિંહ ઠાકોર (મોરથાણ),પદ્યયુમન મોહનભાઈ પટેલ (અછારણ),અજીતભાઈ રામુભાઈ આહિર(સાંધીએર),શ્રીમતી જ્યોતિબેન પરસોતમભાઈ પટેલ, (ગોલા),હર્ષદભાઈ ભગવાનજી દેસાઈ, (કરમલા-સ્વર્ગસ્થ), ચંદ્રેશ મનહરભાઈ પટેલ(કનાજ),શ્રીમતી કુમુદબેન ભગવતી ભાઈ પટેલ(ભટગામ), જયસુખ ગોવિંદભાઈ પટેલ(વસવારી),સંદિપસિંહ અભયસિંહ રાઠોડ(રાજનગર)
મળી કુલ ૧૪ ડિરેકટરોને નોટીસ ફટકારી ખુલાસો માંગ્યો છે.

જો કે જિલ્લા રજીસ્ટ્રારે કાર્યરત બોર્ડ સામે કરેલ કાર્યવાહીની સુનાવણી દરમ્યાન સસ્પેન્ડ પ્રમુખ જયેશ પટેલે (દેલાડ)પણ ફરીયાદી માજી પ્રમુખ કેતન પટેલના વહીવટના આધાર-પુરાવા રજુ કર્યા હતાં.તેમણે આ કૌભાંડ જુની બોર્ડના સમયથી ચાલતું આવ્યું હોવાથી તેઓની પણ જવાબદારી ઠરતી હોવાથી તેઓ સામે પણ કલમ-૯૩ હેઠળ કાર્યવાહી કરવાની રજુઆત કરી હતી. જેથી જિલ્લા રજીસ્ટ્રારે મંડળીના માજી પ્રમુખ કેતન પટેલ સહિત તત્કાલિન બોર્ડના ૧૩ ડિરેકટરો મળી કુલ ૧૪ ને કલમ-૯૩ અન્વયે કારણદર્શક નોટીસ ફટકારી ખુલાસો માંગ્યો છે. રજીસ્ટ્રારે તમામ ડિરેકટરોને આગામીતા.૧૦,જુનનાંરોજબપોરે- ૩:૦૦ કલાકે જરૂરી પુરાવાઓ સાથે તેમની કચેરીમાં હાજર રહેવા તથા જે ડિરેકટરનું અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં તેના વારસદારોને નોટીસની બજવણી કરી હાજર રાખવા આદેશ કર્યો છે.

---

##### ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આયોજિત

## Joylympics 2025 ચેસ કોમ્પિટિશનના ઈનામ વિતરણ સમારંભમાં બાળકોને સર્ટિફિકેટ એનાયત

### સોહિની ઉદેજાને ઈમરજિંગ ચેસ પ્લેયર તરીકે નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

• પાક્કો ગુજરાત



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આયોજિત Joylympics 2025 ચેસ કોમ્પિટિશન ના ઈનામ વિતરણ સમારંભમાં ગુજરાત એસોસિએશન તરફથી મયુરભાઈ પટેલ તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન અમિતભાઈ દોશી, સેક્રેટરી ડોક્ટર વિશ્વાસ અમીન દ્વારા વિજેતા બાળકોને સર્ટિફિકેટ -મેડલ એનાયત કરવામાં આવ્યા. આ બાળકોને ભવિષ્યમાં ચેસ રમત પ્રત્યેની રુચિ વધે તે માટે ચેસ એસોસિએશન દ્વારા આપવામાં આવતી વિવિધ સવલાતો ની માહિતી આપવામાં આવી. ટુર્નામેન્ટમાં સાગર દુધેજા વિજેતા બન્યા, જ્યારે મોહિત હોટવાની રનર અપ અને સોહિની ઉદેજાને ઈમરજિંગ ચેસ પ્લેયર તરીકે નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. અંતિમ સ્થાન નીચે મુજબ છે:૧) દુસેજા સાગર - ૩.૫ પોઈન્ટ૨) હોટવાણી મોહિત - ૩ પોઈન્ટ૩) ત્રિવેદી પાર્થ - ૩ પોઈન્ટ૪) કુંદનાની કપિલ - ૩ પોઈન્ટ૫) ગાંધી પાર્થ - ૨.૫ પોઈન્ટ.

---

##### વિકાસના નામે વિનાશ!

## નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે આદિવાસીઓના મકાન અને ધંધા રોજગારના ઠેકાણા તોડી પડાતા કોંગ્રેસ મેદાનમાં

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલએ કોંગ્રેસ પક્ષના સાથીઓ સાથે મૂલાકાત લીધી

• પાક્કો ગુજરાત

નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે સંપૂર્ણ અમાનવીય રીતે લોકોના ઘર અને નાના નાના ધંધા રોજગારના ઠેકાણા તોડી પાડવામાં આવેલ છે . આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલએ કોંગ્રેસ પક્ષના સાથીઓ શ્રી જીગ્નેશભાઈ મેવાણી , શ્રી અનંતભાઈ પટેલ , શ્રી સુખરામભાઈ રાઠવા , શ્રી રાજેન્દ્રભાઈ પારઘી, શ્રી પ્રફુલભાઈ , શ્રી પી ડી વસાવા, શ્રી રણજીતભાઈ તડવી, શ્રી અર્જુનભાઈ રાઠવા અને કારોબારીના સભ્યો સાથે અસરગ્રસ્ત લોકોની મુલાકાત કરી હતી .



---

##### નડિયાદ ટાઉન પોલીસની ડ્રાઈવ

## ફેન્સી નંબર પ્લેટવાળા ૬૪ ટુ વ્હીલરો ડીટેઈન



• નરેશ ગનવાણી નડિયાદ

નડિયાદ શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન ન કરતા વાહનચાલકો સામે નડિયાદ ટાઉન પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદ ટાઉન પોલીસ દ્વારા ડી માર્ટ, અક્ષર મોટેલ, સંતરામ સર્કલ, સરદારભવન અને મહાગુજરાત સર્કલ વિસ્તારમાં ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. માત્ર બે કલાકની અંદર ૬૪ ટુ વ્હીલરોને ડીટેઈન કરવામાં આવ્યા. PI એસ.બી. દેસાઈએ જણાવ્યું કે ફેન્સી નંબર પ્લેટ, તોડી નાંખેલી, વાંકી કે એકજ નંબર પ્લેટ ધરાવતાં વાહનો સામે પગલાં લેવામાં આવ્યા છે. હવે આ વાહનચાલકોને આરટીઓ દ્વારા મેમો અપાશે. પોલીસ દ્વારા માહિતી આપવામાં આવી કે આવી જ રીતે શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. ખાસ ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી ખોટી નંબર પ્લેટ ધરાવતી સ્કોર્પિયો ઝડપાઈ હતી. આ કેસમાં સ્કોર્પિયો ચાલક અને ખોટી નંબર પ્લેટ બનાવનાર મિલાપ આર્ટના માલિક સામે પણ ગુનો દાખલ થયો છે.

---

##### નર્મદામાં દીપડાનો વધુ એક જીવલેણ હુમલો

## સાંસદ અને પૂર્વમંત્રી મનસુખ વસાવાએ હોસ્પિટલમાં ઈજાગ્રસ્તની મુલાકાત લીધી

• કેતન મહેતા, નર્મદા

નર્મદામાં દીપડાના વધુ એક જીવલેણ હુમલાની ઘટના સામે આવી છે. નર્મદા જિલ્લામાં જંગલી માનવભક્ષી દીપડાની દહેશતથી ગામડાઓમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે.

સાગબારા તાલુકાના બેડાપાણી ગામે રહેતા 40 વર્ષીય બેબીબેન અર્જુનભાઈ વસાવા એમના ઘરમાં સુતા હતા ત્યારે સવારનાં 6 કલાકે દીપડાએ હુમલો કરી ગંભીર ઈજા કરી એક કાન જ બચકું ભરી ખાઈ ગયો હતો, મહિલાએ બૂમરાણ મચાવતા દીપડો તો ભાગી ગયો પરંતુ દીપડાના હુમલાથી ઈજાગ્રસ્ત બનેલ બેબીબેનને ગળાના ભાગે અને હાથમાં ઈજા થયેલ છે અને સારવાર અર્થે 108 એમ્બ્યુલન્સ દ્વારા સાગબારાના સરકારી દવાખાને સારવાર આપી વધુ સારવાર માટે



રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતેથી હવે વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સાંસદ મનસુખ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ સહિતના આગેવાનો સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી મહિલાને સારવાર કરાવડાવી વડોદરા રીફર કરવામાં પરિવારની મદદ કરી સાથે નર્મદા જિલ્લા કક્ષાની હોસ્પિટલ હોવા છતાં આ મહિલાને વડોદરા રીફર કરવી પડે એ ખૂબ ખરાબ કહેવાય અમે રાજ્ય સરકારમાં રજૂઆત કરી યોગ્ય ડોકટરોને રાજપીપળા મુકે એવી વાત સાંસદે કરી હતી.

---

##### ગોંડલના રીબડા ગામે

## પડતર મકાનમાં જુગાર રમતા ચાર શખ્સો પકડાયા




• સુરેશ ભાલીયા જેતપુર

ગોંડલ તાલુકાના રીબડા ગામે એક પડતર મકાનમાં જુગાર રમતા ૪ શખ્સોને ૧૦ હજારની રોકડ સાથે પકડીને કાર્યવાહી કરી હતી, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં હેઠળ આવેલ રીબડા ગામ વિસ્તારમાં પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પીએસઆઈ આર.બી. જાડેજા તથા ધમેન્દ્ર જાડેજા, રૂપક બોહરા, જયેન્દ્ર પરમાર, ભગીરથ વાળા, જયદીપ ધાંધલ, રણજીત ધાંધલ વિગેરે ને બાતમી મળી હતી કે રીબડા ચોકડી પાસે પડતર મકાનમાં અમુક ઈસમો જુગાર રમે છે જેથી દરોડો પાડ્યો હતો. આ દરોડામાં મકાનમાં રૂપિયાની હારજીત નો જુગાર રમતા (૧) નટુભાઈ તેજાભાઈ મકવાણા હાલ રહે.૫૦ વારીયા, રૈયા શ્મશાન પાસે, રાજકોટ શહેર મુળ રહે.રીબડા તા.ગોંડલ (૨) હર્ષદભાઈ રઘુભાઈ મકવાણા રહે. રીબડા તા.ગોંડલ (૩) સોમાભાઈ બેચરભાઈ પરમાર રહે.શ્રીનાથ સોસાયટી શાપર તા.કોટડાસાંગાણી જી.રાજકોટ (૪) રાજેશભાઈ દેવજીભાઈ ચાવડા રહે. રીબડા તા.ગોંડલ ને રોકડ રૂપિયા ૧૦,૩૦૦ના સાહિત્ય સાથે પકડી જુગારધારા મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી,

## સંક્ષીપ્ત સમાચાર

### વલસાડમાં ગ્રામપંચાયતની ચૂંટણી 22 જૂને : 8 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

વલસાડ : વલસાડ જિલ્લામાં આગામી 22મી જૂને ગ્રામપંચાયતની ચૂંટણી યોજાવા જઈ રહી છે. 64 ગ્રામપંચાયતની સામાન્ય ચૂંટણી અને 69 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી માટે મતદાન થશે. આ ચૂંટણી માટે ઉમેદવારી નોંધણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં સામાન્ય ચૂંટણીમાં સરપંચ પદ માટે 1 અને સભ્ય પદ માટે 7 ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. પેટા ચૂંટણીમાં સભ્ય પદ માટે 1 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 9મી જૂન છે. 10મી જૂને ફોર્મની ચકાસણી થશે. વલસાડ જિલ્લાની 64 ગ્રામ પંચાયતોમાં છેલ્લા અઢી વર્ષથી વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે. આ ચૂંટણી રાજકીય પક્ષોના પ્રતીક વગર લડાશે. ઉમેદવારો વ્યક્તિગત રીતે ચૂંટણી લડશે. સ્થાનિક સ્તરે પ્રભાવ ધરાવતા અને રાજકીય કારકિર્દી બનાવવા ઈચ્છતા ઉમેદવારો માટે આ ચૂંટણી મહત્વપૂર્ણ છે. ચૂંટણીની જાહેરાત થતાં જ ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સરપંચ અને સભ્યોની બેઠકો માટે રસાકસીભરી સ્પર્ધા થવાની શક્યતા છે. એક જ પક્ષના સમર્થક ઉમેદવારો પણ સામસામે ચૂંટણી લડી શકે છે. ગ્રામ પંચાયતની ચૂંટણી સ્થાનિક લેવલે ખુબજ રસપ્રદ બની રહેશે.

### 4 વર્ષના બાળકની શ્વાસનળીમાં અખરોટનો ટૂકડો ફસાતા એન્ડોસ્કોપી કરી બહાર કઢાયો

વલસાડ : વલસાડ શહેરની ખાનગી હોસ્પિટલમાં આજે એક ગંભીર ઘટના દરમિયાન 4 વર્ષના બાળકનું તાત્કાલિક ઓપરેશન કરીને તેનું જીવ બચાવાયું છે. બીલીમોરા વિસ્તારના રહેવાસી બાળક રમતા રમતા અખરોટ ખાતા હતા, ત્યારે અચાનક અખરોટનો એક ટુકડો તેના શ્વાસનળીમાં ફસાઈ ગયો હતો. આ ઘટનાને પગલે બાળકને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી અને પરિવારજનો ચિંતામાં પડ્યા હતા. પરિવારે તાત્કાલિક પગલાં લેતા બાળકને તરત જ વલસાડ ખાતેની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ડૉ. મિતેષ મોદીના માર્ગદર્શન હેઠળ ત્વરિત સારવાર શરૂ કરવામાં આવી. ડૉક્ટરોએ એન્ડોસ્કોપી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કોઈપણ શસ્ત્રક્રિયા વિના બાળકના શ્વાસનળીમાંથી અખરોટનો ટુકડો સફળતાપૂર્વક બહાર કાઢ્યો હતો. ડૉ. મિતેષ મોદીએ જણાવ્યું હતું કે, "આ પ્રકારના કેસમાં સમયનું ખૂબ જ મહત્ત્વ છે. જો વિલંબ થાય તો બાળકના જીવન માટે ગંભીર જોખમ ઊભું થઈ શકે. સદભાગ્યે, બાળકના માતા-પિતાએ સમયસર પગલાં લીધાં અને આપણે ઓપરેશન વિના દૂરબીન વડે ત્વરિત સારવાર આપી શક્યા."

### કેનેડાના સ્ટોરમાં કેશિયર તરીકે નોકરી અપાવવાની પણ લાલચ આપી 12.25 લાખની છેતરપિંડી

સુરત : સુરતના અમરોલી વિસ્તારમાં આવેલ છાપરાભાઠા રોડ પર રહેતા યુવકે કેનેડા જવા માટે વેસુમાં ઉધના મગદલ્લા રોડ પર ઓફિસ ધરાવતા વ્યક્તિઓના સંપર્ક કર્યો હતો. તેઓએ યુવકને કેનેડાના વિઝા આપવાના તથા કેનેડાના સ્ટોરમાં કેશિયર તરીકે નોકરી અપાવવાના બહાને રોકડા રૂપિયા તથા બેંકમાં RTGSથી કુલ રૂપિયા 12.25 લાખ પડાવી દીધા હતા પરંતુ, બાદમાં કેનેડાના વિઝા નહીં અપાવી તેની સાથે છેતરપિંડી કરતા ભોગ બનનાર યુવકે આ મામલે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુવતી સહિત ત્રણ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત એવી છે કે, અમરોલી વિસ્તારમાં રહેતા 41 વર્ષીય બીપીનભાઈ નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ દરમિયાન તેઓએ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામમાં એક રિલ જોઈ હતી. જેમાં પરિવારને કેનેડા મોકલવાનું તથા નોકરી અપાવવાનું અલગ-અલગ જાહેરાત આપવામાં આવી હતી. જેથી, બિપીનભાઈએ રિલ્સમાંથી નંબર મેળવી વેસુમાં ઉધના મગદલ્લા રોડ પર વેનેઝિયાનો સેન્ટ્રલ બજારમાં બીજા માળે આવેલ સ્કાય મેકોન ઈમિગ્રેશન નામની ઓફિસમાં મળવા ગયા હતા.

### છેલ્લા 17 મહિનામાં સિટી બસના યાત્રીઓ સાથે ગેરવર્તન કરનાર 1032 કંડક્ટર બ્લેકલિસ્ટ

સુરત : સુરત મહાનગરપાલિકા સિટી બસ પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે, પરંતુ ટિકિટ ચોરીના દૂષણને લીધે મોટું નુકસાન થઈ રહ્યું છે. સુરતમાં સિટી બસના યાત્રીઓ સાથે ગેરવર્તન અને પરેશાન કરવા સાથે ટિકિટ નહીં આપવા સહિતની ફરિયાદો આધારે છેલ્લા 17 મહિનામાં 1032 કંડક્ટરોને બ્લેકલિસ્ટ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતમાં સિટી અને બીઆરટીએસ બસમાં કામ કરતા કંડક્ટરોથી દોઢ ગણા તો બ્લેકલિસ્ટ થઈ ગયા છે. લોકો પણ કંડક્ટર ટિકિટ ન આપતા હોવાની સૌથી વધુ ફરિયાદ કરી રહ્યા છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સસ્તા દરે યાત્રાની સુવિધા મળી રહે તે માટે સિટી બસ અને બીઆરટીએસની સુવિધા શરૂ કરવામાં આવી છે. સુરતમાં 750થી વધુ સિટી અને બીઆરટીએસ બસો આવેલી છે, જેમાં 875 કંડકટર છે. દરરોજ 2 લાખથી વધુ લોકો સેવાનો લાભ લે છે. ખાસ કરીને નોકરિયાત વર્ગ અને વિદ્યાર્થીઓ માટે આ સુવિધા આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. પરંતુ કેટલાક કારણોસર સિટી બસ અવારનવાર વિવાદમાં સંપડાય છે. જેમાં ખાસ કરીને કંડક્ટરો અને પેસેન્જર વચ્ચેનો વિવાદ અને ટિકિટ ચોરી જેવા કારણોસર સિટી બસ સેવાને ખોટ લાગી રહ્યો છે. સુરત મહાપાલિકા દ્વારા તેના પર કંટ્રોલ કરવા માટે ખૂબ કસરત કરવામાં આવી રહી છે. વિજિલન્સની ટીમ પણ બનાવવામાં આવી છે અને તેના પર અમુક અંશે કાબુ મેળવવામાં સફળતા પણ મળી છે. પરંતુ તેમ છતાંય આ ન્યૂસન્સ ઘટવાની જગ્યાએ સતત વધી રહ્યું છે. પાલિકા દ્વારા સિટી બસની સેવાનો લાભ વધુમાં વધુ લોકો લે તે માટેના પ્રયાસો જારી છે. પરંતુ બીજી બાજુ કંડક્ટરોનો વ્યવહાર અને વિવાદના લીધે કેટલાક લોકો સિટી બસની સેવાનો લાભ લેવાનું પણ ટાળે છે. જેનું નુકસાન પાલિકાને થઈ રહ્યું છે. સુરત મહાનગરપાલિકાએ યાત્રીઓને પરેશાની નહીં થાય તે માટે સિટી બસ ડ્રાઈવર અને કંડક્ટરો માટે ગાઈડલાઈન નક્કી કરી છે. તેમ છતાય લોકો દ્વારા વારવાર કંડક્ટરો દ્વારા ગેરવર્તણૂંક, ટિકિટ નહીં આપવાની, રૂપિયા પરત નહીં કરવા અથવા તો બસ નહીં રોકવા સહિતની ફરિયાદો કરવામાં આવી હતી. જેના આધારે તેમના પર કાર્યવાહી કરવામાં આવી છે. છેલ્લા 17 મહિનામાં પાલિકા દ્વારા સિટીલિંકની ગાઈડલાઈનનું ઉલ્લઘન કરવા બદલ કુલ 1032 જેટલા બસ કંડક્ટરોને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે. સૌથી વધુ કંડક્ટરોને ટિકિટ નહીં આપવાના કારણોથી બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે. જીયા પરસાણીયા (સિટી બસ મુસાફર)એ જણાવ્યું હતું કે સિટી બસના કંડક્ટરો કેટલાક સારા હોય છે, તો કેટલાક એવા હોય છે કે ટિકિટ આગળના સ્ટેન્ડ પરથી લઈ લેજો તેવું કહે છે. આગળના સ્ટેન્ડ પર અમને એવું કહેવામાં આવે કે તમે આગળથી કેમ ટિકિટ લઈને આવ્યા નથી અને અમારી પાસે એક્સ્ટ્રા રૂપિયા પણ માંગે છે.

નડિયાદમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે

# પર્યાવરણ જાગૃતિ રેલી અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**મહાનગરપાલિકા કમિશનર જી.એચ. સોલંકીએ નગરજનોને પર્યાવરણ રક્ષણ અને પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા માટે સહયોગની અપીલ કરી**

• નરેશ ગનવાણી નડિયાદ

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે નડિયાદના સરદાર ભવન ખાતે પર્યાવરણ જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, વન વિભાગ અને નડિયાદ મહાનગરપાલિકા સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને પ્લાસ્ટિકના ઉપયોગ વિરુદ્ધ પ્રતિજ્ઞા લેવાઈ. પ્રસંગે સરદારભવનથી સંતરામ મંદિર, મિલ રોડ થઈ મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ સુધી પર્યાવરણ જાગૃતિ માટે રેલી યોજાઈ હતી. રેલી દ્વારા નગરજનોમાં પર્યાવરણ સંવર્ધન, પ્લાસ્ટિક નાબૂદી, સ્વચ્છતા, જળસંચય અને સૌર ઉર્જા જેવા મુદ્દાઓ પર જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો. મહાનગરપાલિકા કમિશનર જી.એચ. સોલંકીએ નગરજનોને પર્યાવરણ રક્ષણ અને પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા માટે સહયોગની અપીલ કરી. કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક અભિષેક સામરીયા, ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદડ, જીપીસીબી અધિકારી વનશ્રીબેન તથા સરદાર ભવન અને મફતલાલ ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.



ફુડ અને સેફ્ટી અધિકારીને સાથે રાખી ચેકીગ

## ધોરાજીમાં દુધ દહી છાશમાં ભેળસેળની શંકાએ ડેરીમાં ચેકીંગ સેમ્પલ લેવાયા

• પાક્કો ગુજરાત

ધોરાજીમાં દુધ, દહીં અને છાસમાં ભેળસેળની શંકાએ ડેરીમાં રૂરલ ક્રાઈમ બ્રાંચ અને ફુડ-સેફટી વિભાગે ચેકીંગ કર્યું હતું અને નમૂના કબ્જે લઈ તપાસણી અર્થે મોકલેલ છે. રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહ એ આપેલ સુચના અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેકટર વી. વી. ઓડેદરા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો. સબ ઈન્સ. એચ. સી. ગોહીલને મળેલ બાતમી હકિકત આધારે ધોરાજી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુંભારવાડાથી ભુખી ચોકડી તરફ જતા રોડ ઉપર આવેલ બાલધા નીવાસ નામના મકાનમાં રહેલ સરદાર ડેરીના સંચાલકો અલ્પેશભાઈ રમણીકભાઈ વાગડીયા તથા સંજયભાઈ મનસુખભાઈ રાખોલીયા તથા સુરેશભાઈ ગોવિંદભાઈ ટોપીયા રહે. ધોરાજી વાળાઓ પોતાની આ ડેરીમાં દુધ, દહીં, છાસમાં ભેળસેળ કરતાં હોવાની શંકાના આધારે રાજકોટના ફુડ અને સેફટી અધિકારીને સાથે ડેરીમાં ચેકીંગ કરતા કોઈ વાંધા જનક ચીજ વસ્તુ મળી આવેલ નહીં તેમ છતાં શંકાના આધારે આ ડેરીમાંથી ફુડ સેફટી અધિકારીએ દુધ, દહીં, તથા છાસના સેમ્પલો તપાસણી અર્થે લેવડાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જેનો રીપોર્ટ આવ્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર છે.

### વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનેથી ખરીદી કરાવવા પર પ્રતિબંધ

• વલસાડ

વલસાડ શિક્ષણ વિભાગે શાળાઓમાં કરેલા સર્વેમાં ચિંતાજનક બાબતો સામે આવી છે. કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને પુસ્તકો અને યુનિફોર્મ ચોક્કસ દુકાન કે બ્રાન્ડમાંથી ખરીદવા દબાણ કરતી હોવાનું જાણવા મળ્યું છે. આ મુદ્દે શિક્ષણ વિભાગે પરિપત્ર બહાર પાડ્યો છે. તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે શાળાઓ વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ દુકાન કે બ્રાન્ડમાંથી કપડાં, પુસ્તકો કે અન્ય વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખી શકશે નહીં. વાલીઓ પોતાની પસંદગીની દુકાનમાંથી સામાન ખરીદી શકશે. આ નિર્ણય 'મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009' અને રાજ્ય સરકારના અગાઉના ઠરાવો પર આધારિત છે. જો કોઈ શાળા નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## ભાભર ના અબાળા ગામના ઈસમની પોલીસે અટકાયત કરી એક દિવસના રિમાન્ડ મંજૂર

**દિયોદર અલગ અલગ જગ્યા પરથી જૂના ટુવ્હીલરની ચોરી કરનાર ઝડપાયો 6 બાઈક કબ્જે લીધા**

• પાક્કો ગુજરાત

દિયોદર પોલીસે છેલ્લા ૬ મહિનામાં દિયોદર, ભાભર અને રાધનપુર માંથી અલગ અલગ જગ્યા પરથી ડુબ્લિકેટ ચાવી લગાવી જૂના બાઈક ની ચોરી કરનાર ભાભર તાલુકાના અબાળા ગામના ઈસમ ને ઝડપી લઈ ચોરીનો ભેદ ઉકેલ્યો છે જેમાં પોલીસે આરોપીના એક દિવસના રિમાન્ડ મેળવી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે દિયોદર પોલીસ મથક ખાતે દિયોદર એસ ટી બસ સ્ટેશન માંથી ધોળે દિવસે એક બાઈક ની ઉઠાંતરી થવા પામી હતી જેમાં પોલીસે બાઈક ચોરી ની ફરિયાદ લઈ પોલીસે બાઈક ચોરી નો ભેદ ઉકેલવા માટે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ કરતા દિયોદર પોલીસે ખાનગી બાતમી આધારે ભાભર તાલુકાના અબાળા ગામે રહેતો ઠાકોર નરસિંહ નગાજી ઠાકોર ની અટકાયત કરી હતી અને પોલીસ મથકે



લાવી સઘન પૂછ પરછ કરતા બાઈક ની ચોરી ની કબૂલાત કરી હતી જેમાં દિયોદર પોલીસે વધુ પૂછ પરછ કરતા આરોપી એ દિયોદર માંથી ત્રણ અને ભાભર માંથી બે અને રાધનપુર માંથી એક બાઈક ની ચોરી કરી હતી જે મામલે પોલીસે આરોપી પાસે થી પાંચ બાઈક અને એક બાઈક ના સ્પેરપાર્ટ કબ્જે લઈ આરોપી ને કોર્ટ માં રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા આ બાબતે સંદેશ સાથે વાત કરતા એ એસ પી એ જણાવેલ કે આરોપી છેલ્લા છ મહિના થી બાઈક ચોરી કરતો હતો જેમાં હાલ પાંચ બાઈક કબજે લીધેલ છે અને અન્ય કોઈ ગુન્હામાં સંડોવાયેલ છે કે નહિ તેની તપાસ ચાલુ છે દિયોદર ભાભર અને રાધનપુર માંથી આ આરોપીએ બાઈક ની ચોરી કરી હતી

## જેતપુરમાં ગેરેજના ટેબલમાંથી ૩.૫૦ લાખ ડ્રાઈવર સહિત બે શખ્સો ચોરી ગયા

**ડ્રાઈવર અને તેનો મિત્ર રૂપિયાની ચોરી કરી હોવાનું સીસીટીવી માં કેદ**

• પાક્કો ગુજરાત

જેતપુર શહેરના ખીરસરા રોડ પર આવેલ ડીઝલ સર્વિસ ગેરેજમાં ઓફિસના ટેબલમાં રાખેલ રૂ.૩.૫૦ લાખ જેસીબી નો ડ્રાઈવર તથા તેનો સાગ્રીક ચોરી ગયા ની ફરિયાદ શહેર પોલીસમાં થઈ છે. અત્રે ના જુનાગઢ રોડ શાંતિનગર ખાતે રહેતા ભીખુભાઈ સાવલિયા કે જેઓ ખીરસરા રોડ પર મહાકાળી ડીઝલ સર્વિસ નું ગેરેજ તેમજ જેસીબી ભાડેથી ચલાવવાનું કામ કરે છે તેના નાના દીકરા કુલદીપભાઈ એ રવિવારના રોજ બપોરે ગેરેજ બંધ કરેલ જે સમયે ગેરેજના ઓફિસના ટેબલમાં તેમણે જેસીબીના ભાડાના રૂ. ૩.૫૦ લાખ રાખેલ અને લોક કરી ઘેર જતા રહેલ કચરો જ સવારે નિયત ક્રમ મુજબ ભીખુભાઈએ તેમનું ગેરેજ ખોલતા ઓફિસના ટેબલના ખાનાનો લોક તૂટેલો અને ખાનુ ખુલ્લું હોય ચોરી થયાની શંકા જતા તેમણે ટેબલમાં ચેક કરતા તેમાં રાખેલ રૂ. ૩.૫૦ ગાયબ હોય તેમના સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં રાત્રિના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં તેના જેસીબી નો ડ્રાઈવર તાલીમ તથા ભીખુભાઈ ના મિત્ર જયરાજભાઈ કુવાડીયા નો ડ્રાઈવર શાહરૂખ ઉર્ફે આશિષ ખાન બંને સક્ષો ઓફિસમાંથી બહાર નીકળી રૂપિયા પોતાના ખિસ્સામાં નાખતા હોવાનું જણાવતા ભીખુભાઈએ તેમના મિત્ર જયરાજ ભાઈ ને ચોરી અંગે ફોન કરી જણાવતા તેમણે કહેલ કે શાહરૂખ મારું બુલેટ લઈ જતો રહ્યો છે અને તેનો ફોન પણ બંધ આવે છે જેથી ભીખુભાઈએ શહેર પોલીસમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ડ્રાઈવર તાલીમ તથા શાહરૂખ ઉર્ફે આશિષ ખાન બંને વિરુદ્ધ ગુન્હો નોંધી તેને પકડી પાડવા એ.એસ.આઈ.બી.કે ચાવડા એ ચક્રો ગતિમાન કર્યા છે.

**સ્ટેશનમાં બે પ્લેટફોર્મ રહેશે, દરેકની લંબાઈ 425 મીટર હશે**

## વાપીમાં બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ અંતિમ તબક્કામાં, મુસાફરોને આધુનિક સુવિધાઓ મળશે

• વલસાડ

ભારતમાં બુલેટ ટ્રેનના સ્વપ્નને સાકાર કરતી નવીનતમ યોજના અંતર્ગત વાપી ખાતે બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય ઝડપથી પૂર્ણતા તરફ આગળ વધી રહ્યું છે. વલસાડ જિલ્લાના ડુંગરા ગામ નજીક વાપી-સિલ્વાસા રોડ પર આ આધુનિક સ્ટેશન ઉભું થઈ રહ્યું છે, જે આગામી સમયમાં દેશમાં ઝડપી મુસાફરી અને વ્યવસાયિક કનેક્ટિવિટીના નવા અવસર ઊભા કરશે. આ સ્ટેશનની બાહ્ય ડિઝાઈન 'ઝડપ'થી પ્રેરિત છે, જ્યારે આંતરિક માળખું મુસાફરો માટે સુવિધાજનક અને આધુનિક બનાવવામાં આવ્યું



છે. આ ત્રિસ્તરીય સ્ટેશનમાં પ્લેટફોર્મ લેવલ, કોનકોર્સ અને સર્વિસ ફ્લોર હશે.

સ્ટેશનમાં બે પ્લેટફોર્મ રહેશે, દરેકની લંબાઈ 425 મીટર હશે, જે 16-કોચ વાળી E5 શ્રેણીની શિંકાન્સેન ટ્રેનોને સહારશે. સ્ટેશનનો કુલ બિલ્ટ-અપ વિસ્તાર 28,917 ચોરસ મીટર છે અને તેની ઊંચાઈ જમીનથી ટ્રસ સુધી આશરે 22 મીટર છે. મુસાફરો માટે બિઝનેસ ક્લાસ લાઉન્જ, નર્સરી, લિફ્ટ, એસ્કેલેટર અને આધુનિક સુવિધાઓનું આયોજન કરાયું છે.

સ્ટેશન વ્યૂહાત્મક રીતે વાપી રેલવે જંકશનથી લગભગ 7 કિમી, બસ સ્ટેશનથી 7.5 કિમી અને GIDC (ઔદ્યોગિક વિસ્તારમાંથી) માત્ર 5 કિમી દૂર છે.

વાપી બુલેટ ટ્રેન સ્ટેશન માત્ર પરિવહનનું આધુનિક માધ્યમ નહીં, પણ એ એક પ્રકારનું વિકાસયુક્ત કેન્દ્ર બનશે. ઝડપભર્યા મુસાફરીના સાધન તરીકે આ સ્ટેશન ઉદ્યોગ, વેપાર અને સામાન્ય યાત્રી - સૌ માટે એક નવી ઉર્જા લઈને આવશે.

**ન્યૂઝ ફોકસ** — *નકલી તબીબોની જાળ રાજ્યના તમામ શહેરોમાં ફેલાઈ હતી. સુરત, રાજકોટ, અમદાવાદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ નકલી ડિગ્રીના આધારે ઊંટવૈદોએ હાટડીઓ ખોલી દીધી હતી અને રૂપિયા કમાવવાની લાલચમાં લોકોની જિંદગી સાથે રમત માંડી હતી.*

# BHMSની નકલી ડિગ્રી આપી ડોક્ટર બનાવનાર આરોપી ૫ વર્ષે પકડાયો

**2020થી વિજય બોરોલે ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમ માટે વોન્ટેડ હતો. જેને સુરત SOG પોલીસે ઝડપી પાડયો**

• સુરત

રાજ્યભરમાં ચકચારી બનેલા પ્રકરણમાં 58 જેટલી વ્યક્તિઓને નકલી BHMSની નકલી ડિગ્રીની લહાણી કરી ડોક્ટર બનાવનાર સુરતના વિજય બોરોલેની ધરપકડ કરાઈ છે. 2020થી વિજય બોરોલે ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમ માટે વોન્ટેડ હતો. જેને સુરત SOG પોલીસે ઝડપી પાડયો છે.

મળતી માહિતી પ્રમાણે એસ.ઓ.જી. ની ટીમે ડિંડોલીની કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા વિજય નામદેવ બોરોલે (ઉ.વ. 50)ને ઝડપી પાડયો હતો. આ શખ્સ 2020માં CID ક્રાઈમ, ગાંધીનગર ઝોન પોલીસ માટે પાંચ વર્ષથી વોન્ટેડ હતો. 2020માં સી.આઈ.ડી. ક્રાઈમે 61 વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આખું પ્રકરણ નડિયાદના બાસ્કા ગામે BHMSની નકલી ડિગ્રીથી દંપતી પ્રેક્ટિસ કરતા હોવાની માહિતી બાદ બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન 58 તબીબોની ડિગ્રી નકલી હોવાનું બહાર આવ્યું હતું. ચોંકાવનારી વાત એ હતી કે નકલી તબીબોની જાળ રાજ્યના તમામ શહેરોમાં ફેલાઈ હતી. સુરત, રાજકોટ, અમદાવાદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ નકલી ડિગ્રીના આધારે ઊંટવૈદોએ હાટડીઓ ખોલી દીધી હતી અને રૂપિયા કમાવવાની લાલચમાં લોકોની જિંદગી સાથે રમત માંડી હતી.

આ ડિગ્રી માટે તેમણે લાખો રૂપિયા ખર્ચ્યા હતા. કૌભાંડીઓએ તબીબ બનવાના અભરખા સેવતાં મુન્નાભાઈઓ પાસેથી મનસ્વી રીતે નાણાં ઉસેટયા હતા. સાડા ચાર લાખ રૂપિયાથી નવ લાખ સુધીની રકમ મેળવી ગઠિયાઓ ડો.બાબાસાહેબ આંબેડકર યુનિ. (બિહાર)ની ઈશ્યૂ કરાઈ હોય તેવી નકલી ડિગ્રી આપી દેતાં હતા. આ નકલી ડિગ્રી સર્ટિફિકેટનું રજિસ્ટ્રેશન કાઉન્સિલ ઓફ હોમિયોપેથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રજિસ્ટ્રેશન પણ કરાવી દેતા હતા. જેને કારણે તેઓ નકલી હોવાની શંકા જતી ન હતી અને બીજી એજન્સીઓ તેમની પર કાર્યવાહી કરતાં ખચકાતી હતી.

ઊલટતપાસમાં આ ડિગ્રી બનાવટી હોવાનું બહાર આવ્યું હતું. બાબા સાહેબ આંબેડકર યુનિ. દ્વારા જ આ સર્ટિફિકેટ પોતે ઈશ્યુ નહિ કર્યાનું જણાવતાં તપાસ તેજ બની હતી. સુરતનાં વિજય બોરોલેની પણ ઊંટવૈદોને બોગસ ડિગ્રી આપવામાં સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. ધરપકડથી બચવા આરોપી હાઈકોર્ટ સુધી ધક્કા ખાઈ ચૂક્યો હતો. એસ.ઓ.જી.એ આરોપીને CID ક્રાઈમ, ગાંધીનગર ઝોનને સોંપ્યો હતો. આરોપીએ બોગસ ડિગ્રી સર્ટી બનાવી આપતો હોવાની કબૂલાત પણ કરી હતી.



## રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 11 જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# શનાયા કપૂરની ડેબ્યૂ ફિલ્મ આંખો કી ગુસ્તાખિયાંનું પોસ્ટર રિલીઝ




મુંબઈ: વધુ એક બોલીવુડ સ્ટાર કિડ હવે મોટા પડદે ડેબ્યૂની તૈયારી કરી રહી છે. શનાયા કપૂરની ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં'નું પોસ્ટર આજે રિલીઝ થઈ ગયું છે. સંજય કપૂરની પુત્રી શનાયા કપૂરની ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' 11 જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

બોલીવુડના હિટ અભિનેતા વિક્રાંત મેસી સાથે શનાયા કપૂરની જોડી ખૂબ જ હિટ દેખાય છે. આ જોડીની ફિલ્મ હવે સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. શનાયા કપૂરે તેના ઈન્સ્ટાગ્રામ પર તેનું પોસ્ટર શેર કર્યું છે. આ પોસ્ટરમાં વિક્રાંત મેસી અને શનાયા રોમેન્ટિક શૈલીમાં ઘોડાના સ્ટેચ્યુ પર બેઠા છે અને પ્રેમમાં ડૂબેલા દેખાય છે.

શનાયા કપૂર ફિલ્મ "આંખો કી ગુસ્તાખિયાં"થી મોટા પડદા પર ડેબ્યૂ કરી રહી છે. શનાયા બોલિવૂડ અભિનેતા અને તેમના સમયના સ્ટાર સંજય કપૂરની પુત્રી છે. આ ફિલ્મનું દિગ્દર્શન સંતોષ સિંહ કરી રહ્યા છે.



ફિલ્મની સ્ટારકાસ્ટ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. 11 જુલાઈએ રિલીઝ થઈ રહેલી આ ફિલ્મ એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મ હશે. શનાયા કપૂરે આજે તેના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટર શેર કર્યું અને લખ્યું, 'બે હૃદય, એક પ્રેમ અને અસંખ્ય ગુસ્તાખીઓ. ફિલ્મનું ટીઝર કાલે રિલીઝ થશે.

# બબીતાજી તારક મહેતા કા ઉલ્ટા... છોડી બિગ બોસ-19માં ભાગ લેશે ?

## મુનમુન દત્તાને ફરી 'બિગ બોસ' માટે ઓફર મળી

સુપરસ્ટાર સલમાન ખાનના પ્રખ્યાત રિયાલિટી શૉ બિગ બોસની 19મી સીઝન આવવાની જાહેરાત થઈ ગઈ છે. આ સાથે જ શૉમાં જોવા મળનારા સંભવિત સ્પર્ધકોના નામો પર અટકળો શરૂ થઈ ગઈ છે. હવે સમાચાર આવી રહ્યા છે કે 'બબીતા જી' એટલે કે લોકપ્રિય કોમેડી શૉ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની મુનમુન દત્તા પણ આ વખતે 'બિગ બોસ' ના ઘરમાં એન્ટ્રી લઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ અભિનેત્રી મુનમુન દત્તાને સલમાન ખાનના શૉમાં જોડાવાની તક મળી છે. નિર્માતાઓએ મુનમુન દત્તા સામે 'બિગ બોસ સીઝન19' માં ભાગ લેવા માટે પ્રસ્તાવ મૂક્યો છે. નિર્માતાઓ છેલ્લા ઘણા વર્ષોથી 'બિગ બોસ' માટે મુનમુન દત્તાનો સતત સંપર્ક કરી રહ્યા છે. જોકે, દર વર્ષે અભિનેત્રી વિચાર્યા વિના આ ઓફરને નકારી કાઢે છે. આવી સ્થિતિમાં, આ વર્ષે 'બિગ બોસ'માં



જોડાવા અંગે તે શું નિર્ણય લે છે? તે તો સમય જ કહેશે.'બિગ બોસ સીઝન 19'માં તેની એન્ટ્રી અંગે અત્યાર સુધી મેકર્સ અને મુનમુન દત્તા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. હાલમાં, એ ખબર નથી કે મેકર્સ 'બબીતાજી'ને આ શૉમાં ભાગ લેવા માટે મનાવી શક્યા કે નહીં? પરંતુ જો મુનમુન દત્તા બિગ બોસ સીઝન 19માં આવે છે, તો સલમાન ખાનનો શૉ ગ્લેમરસ બની જશે. જો મુનમુન દત્તા બિગ બોસની નવી સીઝનમાં આવે છે, તો તેની લોકપ્રિયતા જોતા લાગે છે કે તે સરળતા કોઈ પણને હરાવી શકે છે. તેમજ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે જો મુનમુન દત્તા 'બિગ બોસ સીઝન 19'માં ભાગ લે છે, તો તેણે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શૉ છોડવો પડશે. હવે, સલમાન ખાનના શૉમાં એન્ટ્રી કરવા' માટે શું મુનમુન તે શૉનું બલિદાન આપશે કે નહિ તે તો સમય જ જણાવશે.

# નો એન્ટ્રી ટૂમાંથી દિલજીત નીકળી જવાથી કોઈ ફેર નહીં પડેઃ અનીસ




મુંબઈ : દિલજીત દોસાજે 'નો એન્ટ્રી ટૂ' છોડી દેતાં તેનાથી ફિલ્મને કોઈ ફરક નહીં પડે એમ ફિલ્મ સર્જક અનીસ બઝમીએ જણાવ્યું છે. બઝમીએ કહ્યું હતું કે દિલજીતના જવાથી ફિલ્મ અટકી પડી નથી. કાસ્ટિંગમાં આવા ફેરફારો તો થયા કરતા હોય છે. લાંબા ગાળે કોઈ ફિલ્મમાં મૂળ કલાકાર કોણ હતું અને તેની જગ્યાએ કોણે રોલ ભજવ્યો તે યાદ રાખતા પણ નથી. વાસ્તવમાં મોટાભાગની ફિલ્મોમાં લોકો પડદા પર જે કલાકારને જુએ છે તેને બદલે અન્ય કલાકારને કલ્પી પણ શકતા નથી. તેણે કહ્યું હતું કે દર વખતે પહેલીવાર જે કાસ્ટ પસંદ કરી હોય તેનાથી જ ફિલ્મ બને તેવું હોતું નથી. મારી કારકિર્દીમાં આવું અનેક વખત બન્યું છે. ઉલ્લેખનીય છે કે દિલજીતને ફિલ્મ સાઈન કરતી વખતે જે સ્ક્રિપ્ટ બતાવાઈ હતી તેમાં બાદમાં અનેક ફેરફારો થતાં દિલજીતે આ ફિલ્મ છોડી દીધી હોવાનું કહેવાય છે. હાલ આ ફિલ્મના હિરો તરીકે અર્જૂન કપૂર અને વરુણ ધવન જ કન્ફર્મ છે.

# ટીવી જગતની જાણિતી એક્ટ્રેસ હિના ખાને બોયફ્રેન્ડ રોકી સાથે નિકાહ કર્યા

ટીવી સિરિયલની જાણીતી અભિનેત્રી હિના ખાને તેના બોયફ્રેન્ડ રોકી સાથે કર્યા નિકાહ. અભિનેત્રીએ તેના નિકાહની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી, જેમાં કપલ ખૂબ જ સુંદર દેખાઈ રહ્યા હતા. હિના ખાન સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. તે તેમના ચાહકો માટે ખાસ તસવીરો અને વીડિયો શેર કરતી હોય છે. હિનાએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર નિકાહની તસવીરો પોસ્ટ કરી લખ્યું હતું.બે અલગ-અલગ દુનિયાઓમાંથી, અમે પ્રેમનું એક બ્રહ્માંડ બનાવ્યું. અમારા મતભેદો ઓગળી ગયા, અમારાં હૃદય એક થયાં, જેનાથી એક એવો બંધન રચાયું જે જીવનભર ટકશે. અમે અમારું ઘર, અમારો પ્રકાશ, અમારી આશા છીએ અને સાથે મળીને અમે તમામ મુશ્કેલીઓને પાર કરીએ છીએ. આજે, અમારું મિલન હંમેશા માટે પ્રેમ અને કાયદામાં સીલ થઈ ગયું છે. અમે પત્ની અને પતિ તરીકે તમારા આશીર્વાદ અને શુભેચ્છાઓ ઈચ્છીએ છીએ.



સોશિયલ મીડિયા પર હિના ખાન અને રોકીના લગ્નની તસવીરો ઝડપથી વાઈરલ થઈ રહી છે. ચાહકો તેમની તસવીરોને ખૂબ પસંદ કરી રહ્યા છે. સાથે પોસ્ટ પર કોમેન્ટ કરી અભિનંદન આપી રહ્યા છે. જણાવી દઈએ કે હિના ખાન અને રોકીના નિકાહની તસવીરોમાં બનેએ મેચિંગ કલરના ડ્રેસ પહેર્યા હતા.જેમા તે ખૂબજ સુદંર લાગી રહ્યા હતા. તસવીરોમાં હિના અને રોકીની રોમેંટિક પોઝમાં દેખાયા.



# પ્રભાસની અટકી પડેલી ફિલ્મ રાજા સાબ હવે ડિસે.માં રીલિઝ થશે



મુંબઈ : પ્રભાસની લાંબા સમયથી અટકી પડેલી ફિલ્મ 'રાજા સાબ' હવે આગામી ડિસેમ્બરમાં રીલિઝ કરવાનો નિર્ણય લેવાયો છે. ડિસેમ્બરમાં આ ફિલ્મ શાહિદ કપૂરની વિશાલ ભારદ્વાજ દિગ્દર્શિત ફિલ્મ સાથે ટકરાશે. 'રાજા સાબ' હોરર કોમેડી ફિલ્મ છે. આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર છે. મૂળ ગત એપ્રિલમાં તે રીલિઝ થવાની હતી. જોકે, હવે નિર્માતાઓએ જાહેર કર્યા અનુસાર તે આગામી પાંચમી ડિસેમ્બરે રીલિઝ થશે. ફિલ્મમાં પ્રભાસ ઉપરાંત માલવિકા મોહનન તથા નિધિ અગ્રવાલ સહિતના કલાકારો છે. 'રાજા સાબ' તેલુગુ ઉપરાંત હિંદીમાં પણ રીલિઝ થવાની છે. જોકે, આ જ દિવસે શાહિદ કપૂરની વિશાલ ભારદ્વાજ દિગ્દર્શિત ફિલ્મ પણ રીલિઝ થવાની હોવાથી બંને ફિલ્મની તકો પર અસર થશે. આ ફિલ્મમાં શાહિદ કપૂર સાથે તૃપ્તિ ડિમરી પણ સહકલાકાર છે. આ ફિલ્મને શરુઆતમાં બજેટના કેટલાક ઈશ્યૂ નડયા હતા. ફિલ્મના પોસ્ટ પ્રોડક્શનમાં પણ વિલંબ થયો હતો. ફિલ્મનું કેટલુંક વીએફએક્સ કામ નવેસરથી કરાવવું પડયું હતું. આ તમામ કારણોસર ફિલ્મની રીલિઝ ઠેલાઈ ગઈ હતી.

## ટ્રેવિસ હેડ 856 પોઈન્ટ સાથે નંબર વન પર યથાવત

# ICCએ નવી T20 રેન્કિંગ જાહેર કરી! જયસ્વાલને રમ્યા વિના ફાયદો, બાબરને મોટું નુકશાન

મુંબઈઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ને કારણે છેલ્લા બે મહિનામાં ખુબ જ ઓછી ઈન્ટરનેશનલ મેચ રમાઈ હતી. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ(ICC) એ નવી T20 રેન્કિંગ જાહેર કરવામાં આવી છે, જેમાં થોડા ફેરફારો જોવા મળી રહ્યા છે. બેટિંગ રેન્કિંગમાં ટોચના 5 ક્રમમાં કોઈ ફેરફાર થયો નથી. ભારતના યુવા બેટર યશસ્વી જયસ્વાલ(Yashasvi Jaiswal) ને એક પણ મેચ રમ્યા વિના ફાયદો થયો છે, જ્યારે પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમ(Babar Azam)ને નુકશાન થયું છે.

ICC ની T20 બેટિંગ રેન્કિંગમાં ટ્રેવિસ હેડ હજુ પણ નંબર વન પર છે, તેનું રેટિંગ હાલમાં 856 છે. અભિષેક શર્મા 829 રેટિંગ સાથે બીજા નંબર પર છે. ફિલ સોલ્ટ 815 રેટિંગ સાથે ત્રીજા નંબર પર છે અને તિલક વર્મા 804 રેટિંગ સાથે ચોથા નંબર પર છે. સૂર્યકુમાર યાદવનું 739 રેટિંગ સાથે પાંચમા નંબર પર છે. જોસ બટલર 735 રેટિંગ સાથે છઠ્ઠા નંબર પર છે. પથુમ નિસાન્કા 714 રેટિંગ સાથે સાતમા નંબર પર છે. ટિમ સીફર્ટ 708 રેટિંગ સાથે આઠમા નંબર પર છે.

શ્રીલંકાનો કુસલ પરેરા એક સ્થાન ઉપર આવીને 9મા ક્રમે પહોંચી ગયો છે, તેનું રેટિંગ 676 છે. દક્ષિણ આફ્રિકાના રીઝા હેન્ડ્રિક્સનું રેટિંગ પણ 676 છે અને તે પરેરા સાથે સંયુક્ત રીતે 9મા ક્રમે છે.

યશસ્વી જયસ્વાલ હાલ ઈન્ટરનેશનલ T20 મેચ રમ્યો નથી, પરંતુ રમ્યા વિના તેને બે સ્થાનનો ફાયદો થયો છે, પણ તેને ટોપ 10 માં સ્થાન મળ્યું નહીં. તે 661 રેટિંગ સાથે 11મા ક્રમે છે.




# કુલદિપ યાદવે વંશિકા સાથે લખનઉની હોટલમાં સગાઈ કરી

લખનઉ: ભારતીય ક્રિકેટ ટીમ સ્ટાર સ્પિન બોલર બોલર કુલદીપ યાદવ આજે બુધવારે તેની બાળપણની મિત્ર વંશિકા સાથે સગાઈ (Kuldeep Yadav engagement with Vanshika) કરી હતી. લખનઉની એક હોટલમાં સગાઈ સમારંભ યોજાયો હતો, જેમાં બંને પરિવારના નજીકના સભ્યો અને ઉત્તર પ્રદેશના કેટલાક ક્રિકેટરો હાજર રહ્યા હતા. રિંકુ સિંહનો પણ આ સમારંભમાં હાજર રહ્યો હતો.

વંશિકા કાનપુરના લાલ બાંગ્લાની રહેવાસી છે, તે ઓસ્ટ્રેલિયામાં કામ કરે છે અને તેના પિતા LICમાં અધિકારી છે. કુલદીપ અને વંશિકા એક બીજાને બાળપણથી ઓળખે છે, લાંબી મિત્રતા બાદ હવે બંનેએ સગાઈ કરી છે.સામાન્ય રીતે કુલદીપ તેનું અંગત જીવનને જાહેર નજરથી દૂર રાખે છે. કપલેએ સોશિયલ મીડિયા પર સગાઈની સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ સમારંભની તસવીરો ઓનલાઈન વાયરલ થઈ રહી છે. ચાહકો અને સાથી ક્રિકેટરો બંનેને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. એક અહેવાલમાં કુલદીપના નજીકના લોકોને ટાંકીને જણાવવામાં આવ્યું કે ભારતના ઈંગ્લેન્ડના ટેસ્ટ પ્રવાસ પછી લગ્ન રિસેપ્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



## દેવાજિત સૈકિયા કહે છે, આ અમારી બીસીસીઆઈની ઈવેન્ટ નહોતી

# બેંગલૂરુના સત્તાવાળાઓ મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ધરમશાલાની ઘટના પરથી કેમ ન શીખ્યા?: BCCI

નવી દિલ્હીઃ બેંગલૂરુમાં બુધવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (RCB)ના આઈપીએલના પ્રથમ ચૅમ્પિયનપદની ઉજવણી નાસભાગ અને ધક્કામુક્કી (STEMPEDE) ની ઘટનાઓને કારણે માતમમાં ફેરવાઈ એને પગલે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર અગાઉથી સુરક્ષાની વ્યવસ્થા નક્કી કરી રાખવામાં બેંગલૂરુના સત્તાધીશો (AUTHORITIES) એ જે કચાશ બતાડી અને મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ધરમશાલાની ઘટના પરથી કેમ બોધ ન લીધો એ બદલ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ભાગદોડની ઘટનામાં ઓછામાં ઓછા 12 જણના મૃત્યુ થયા હતા અને બીજા અનેક લોકો ઘાયલ થયા હતા.બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં 35,000 લોકો બેસી શકે એટલી ક્ષમતા છે ત્યારે સ્ટેડિયમમાં ત્રણ લાખ લોકો કેવી રીતે પહોંચી શક્યા? એવો સવાલ કર્ણાટકના



મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ કર્યો હતો અને કહ્યું હતું કે ક્રિકેટપ્રેમીઓને સલામતી પૂરી પાડવાની જવાબદારી રાજ્યના ક્રિકેટ ઍસોસિયેશનની હતી.' આવું કહીને સિદ્ધારામૈયાએ આરસીબીના સેલિબ્રેશન વખતે થયેલી નાસભાગની ઘટના બાબતમાં મૅજિસ્ટ્રેટ સ્તરની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. એક તરફ આરસીબીના ટીમ મૅનેજમેન્ટે ક્રિકેટપ્રેમીઓ અત્યંત સંવેદનશીલ થઈ ગયા એ કારણસર આ ઘટના બની હોવાનું કહ્યું હતું ત્યાં બીજી બાજુ બીસીસીઆઈના સેક્રેટરી સૈકિયાએ વધુમાં કહ્યું હતું કેઆ બહુ કમનસીબ ઘટના બની ગઈ. આ તો લોકપ્રિયતાની નકારાત્મક બાજુ થઈ કહેવાય. લોકો તો ક્રિકેટરોને જોવા ઉત્સાહી થઈને આવી જાય, પણ તેમના માટે સલામતીની કેવી અને કેટલી વ્યવસ્થા રાખવી એ કામ આયોજકોનું હોય. તેમણે અગાઉથી સલામતી બંદોબસ્તની યોજના બનાવવી જોઈતી હતી. આટલા મોટા પાયે વિજયની ઉજવણીની ઈવેન્ટ થવાની હોય તો પૂર્વસાવચેતીના પગલાં લેવા જ જોઈએ. ક્યાંક તો કંઈક કચાશ થઈ જ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગોધરામાં ગણેશ મહોત્સવ 2025ની તૈયારીઃ અગિયારસે વિસર્જનનો નિર્ણય

ગોધરા : ગોધરા શહેરમાં આગામી ગણેશ મહોત્સવ 2025ની તૈયારીઓનો પ્રારંભ થઈ ગયો છે. કાછીયા પંચ સમાજની વાડી, કાછીયાવાડ ચોક ખાતે શહેરના તમામ ગણેશ મંડળોના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી ગણેશ મહોત્સવની ઉજવણી અંગે કેટલાક નવા નિર્ણયો લેવામાં આવ્યા છે. મુખ્ય નિર્ણય વિસર્જનની તારીખમાં ફેરફાર અંગેનો છે. અત્યાર સુધી પરંપરાગત રીતે ગણેશ સ્થાપના બાદ નોમના દિવસે વિસર્જન કરવામાં આવતું હતું. હવે આ પરંપરામાં ફેરફાર કરીને અગિયારસના દિવસે વિસર્જન કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં દર વર્ષે ગણેશ મંડળોની સ્થાપના થાય છે. આગામી ઉત્સવની રૂપરેખા નક્કી કરવા માટે વિવિધ મંડળોના આયોજકો બેઠકમાં હાજર રહ્યા હતા. તમામ મંડળોના પ્રતિનિધિઓએ આગામી ઉત્સવની યોજના અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

### પેન્શનરો માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની મફત સેવા, 31 જુલાઈ સુધી સેવા ઉપલબ્ધ

આણંદ : રાજ્ય સરકાર અને ભારતીય ડાક વિભાગ વચ્ચે થયેલા સમજૂતી કરાર અંતર્ગત પેન્શનરો માટે મહત્વની સેવા શરૂ કરવામાં આવી છે. પોસ્ટ વિભાગની તમામ પોસ્ટ ઓફિસો દ્વારા પેન્શનરોને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે. પેટલાદના ધારાસભ્ય અને નિવૃત્ત આચાર્ય કમલેશ પટેલે પોતાના ઘરે આ સેવાનો લાભ લીધો હતો. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પહેલથી પેન્શનરોને ઘરે બેઠા હયાતી પ્રમાણપત્ર મળી રહે છે. આ સેવાથી ખાસ કરીને બીમાર, અશક્ત અને વયોવૃદ્ધ લોકોને બેંક કે તિજોરી કચેરી સુધી જવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળશે. આ ઓનલાઈન પ્રમાણપત્રની માહિતી સીધી જિલ્લા તિજોરી અધિકારી સુધી પહોંચી જાય છે. ફેમિલી પેન્શન મેળવનારા લોકો માટે પણ આ સેવા ઉપલબ્ધ છે. તેમાં પુનર્લગ્ન ન કર્યા હોવાનું પ્રમાણપત્ર પણ સામેલ થઈ જાય છે. પેન્શનધારકો 31 જુલાઈ સુધી નજીકની પોસ્ટ ઓફિસના પોસ્ટમેન અથવા બ્રાંચ પોસ્ટમાસ્ટરનો સંપર્ક કરી આ મફત સેવાનો લાભ લઈ શકે છે. ધારાસભ્ય કમલેશ પટેલે આણંદ જિલ્લાના તમામ પેન્શનરોને આ સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

### ભમ્મરઘોડા મંદિર પાસે રિક્ષા ચોરી કરનાર વડોદરાથી ઝડપાયો

વડોદરાઃ વડોદરા ગ્રામ્યમાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ ચાલુ છે. દરમિયાન સાવલી કેજે આઈટી ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગની કામગીરી પોલીસ દ્વારા કરવામાં આવતી હતી. તે દરમિયાન હાલોલ રોડ તરફથી એક રીક્ષા શંકાસ્પદ જણાતા તેને રોકવામાં આવી હતી. રીક્ષાનો નંબર પોકેટ કોપ એપમાં જોતા તેના માલિક ભાવેશભાઈ લાલજીભાઈ સોલંકી (રહે. ગોકુળ નગર, કલાલી ફાટક, અટલાદરા) હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં રીક્ષાના ચાલક રાજુભાઈ શંકરભાઈ પરમાર (રહે. સુકલીપુરા, વડોદરા) ના ઈતિહાસ અંગે સર્ચ કરતા તેના વિરુદ્ધ વિવિધ ગુનાઓ નોંધાયા હોવાનું ધ્યાને આવ્યું હતું. બાદમાં આરોપીની કડકાઈપૂર્વક પુછપરછ કરવામાં આવતા તેણે આ રીક્ષા બે દિવસ પહેલા ભમ્મરઘોડા ખાતે માતજીના મંદિરેથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ત્યાર બાદ પોલીસે આરોપીની અટકાયત કરીને રૂ. 2 લાખની કિંમતની સીએનજી રીક્ષા કબજે કરી હતી. અને આરોપી વિરૂદ્ધ વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી વિરૂદ્ધ સાપુતારા પોલીસ મથક, ડભોઈ, હરણી, બાપોદ અને વાડી પોલીસ મથકમાં ગુના નોંધાઈ ચૂક્યા છે.

### લાંભવેલના સફાઈ કર્મીઓનો વેતન વધારા માટે વિરોધ

આણંદ : આણંદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ લાંભવેલ પંચાયતના સફાઈ કર્મચારીઓએ વેતન વધારા માટે આંદોલન શરૂ કર્યું છે. આજે સફાઈ કામદાર સમાજના અગ્રણીઓએ મહાનગરપાલિકા ખાતે આસી. કમિશનરની કચેરીમાં ઉગ્ર રજૂઆત કરી હતી.1 જાન્યુઆરી 2025થી આણંદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો છે. આ સાથે લાંભવેલ ગામને પણ મહાનગરપાલિકામાં સામેલ કરવામાં આવ્યું છે. લાંભવેલમાં વર્ષોથી કામ કરતા સફાઈ કર્મચારીઓને જૂના દર મુજબ માત્ર 2100 રૂપિયા વેતન મળે છે. આ કારણે 8થી 10 મહિલા સફાઈ કર્મીઓએ ગઈકાલે લાંભવેલમાં એકત્રિત થઈ રામધૂન બોલાવી વેતન વધારાની માંગણી કરી હતી. આજે વાલ્મીકી સમાજ જિલ્લા સંગઠનના પ્રમુખ અમિતભાઈ સોલંકી અને પ્રાદેશિક પ્રમુખ રમેશભાઈ વસુડીયા સફાઈ કામદારો સાથે મહાનગરપાલિકામાં પહોંચ્યા હતા. તેમણે આસી.કમિશનરને આ મુદ્દે રજૂઆત કરી હતી. આણંદ મહાનગરપાલિકાના આસી.કમિશ્નર એસ.કે. ગરવાલે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, મહાનગરપાલિકામાં સામેલ તમામ ગામોના સફાઈકર્મીઓને અગાઉના નિયમો મુજબ જ વેતન ચૂકવાય છે. તેમની કામગીરીમાં પણ કોઈ વધારો કરાયો નથી. સરકાર દ્વારા જ્યારે વેતન વધારાનો નિર્ણય લેવાશે ત્યારે નિયમાનુસાર અમલ કરાશે.

### આણંદના રોકડીયા હનુમાન મંદિરમાં શ્રી હરિ આગમન દિનની ઉજવણી

આણંદ : આણંદના ગોયા તળાવ પાસે આવેલા રોકડીયા હનુમાન મંદિરમાં શ્રી હરિ આગમન દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. વિક્રમ સંવત 1874ના જેઠ માસમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને આ સ્થળે પધારી હનુમાનજીનું પૂજન કરી સ્થાપન કર્યું હતું. મંદિરના વહીવટકર્તા હરિકૃષ્ણ પટેલના જણાવ્યા મુજબ, મહંત ભક્તવત્સલ દાસજીની પ્રેરણાથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધીશ્વર આચાર્ય રાકેશપ્રસાદના આશીર્વાદથી કાર્યક્રમ યોજાયો. એસ.જી.વી.પી.ના પંડિત બ્રાહ્મણોએ હનુમાનજીનું ષોડષોપચાર અને રાજોપચાર પૂજન કર્યું. મંદિરમાં મારુતી યજ્ઞ અને સુંદરકાંડ પાઠનું આયોજન થયું. ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવ્યો. ભજન કીર્તન, કથા અને સત્સંગ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા. આગામી કારતક માસમાં વડતાલમાં યોજાનાર શિક્ષાપત્રી આચાર્ય સ્થાપનાના દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશમાં સૌથી ઝડપી ગતિએ ગુજરાતમાં કોરોનાના કેસ વધી રહ્યા છે

# રાજ્યમાં આજે કોરોનાના નવા 119 કેસ નોંધાયા: 508 એક્ટિવ કેસ

## 18 દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યારે 490 દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે

• અમદાવાદ

દેશમાં સૌથી ઝડપી ગતિએ ગુજરાતમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજે નવા 119 કેસ નોંધાતા રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા 508 પર પહોંચી છે. 18 દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે 490 દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે.

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં રહેતી 20 વર્ષીય યુવતીને કોરોના થયો હતો. એ બાદ તેનું સારવાર દરમિયાન આજે(4 જૂન) મૃત્યુ થયું હતું. જેથી અમદાવાદમાં કોરોનાને કારણે મૃત્યુ આંક વધીને ત્રણ થઈ ગયો છે.

શહેરના વિંઝોલ વિસ્તારમાં રહેતી 18 વર્ષીય ગર્ભવતી યુવતી શ્વાસોશ્વાસની તકલીફની સાથે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થઈ હતી. ત્યાર બાદ તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને 2 જૂને વહેલી સવારે તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

દાણીલીમડાની 47 વર્ષીય મહિલાનું મૃત્યુ 28મી મેના રોજ થયું હોવા છતાં પણ 2 જૂન સુધી સત્તાવાર રીતે મૃત્યુ થયું હોવાની માહિતી આપવામાં આવી નહોતી.આ સાથે ગુજરાત 461 કેસ સાથે દેશમાં સૌથી વધુ રિપોર્ટ થયેલા કોવિડ કેસોમાં ત્રીજો નંબર છે. કેરળ 1373 કેસો સાથે નંબર 1 છે, પણ ગઈકાલના પ્રમાણમાં ત્યાં 43 કેસ ઓછા થયા છે. મહારાષ્ટ્રમાં આજે 510 એક્ટિવ કેસો છે, જેમાં 16 નવા છે અને દિલ્હીમાં 457માંથી 64 નવા છે.અમદાવાદમાં દિનપ્રતિદિન કોરોનાના કેસો વધી રહ્યા છે, કોરોનાથી વધુ એક યુવતીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં રહેતી 20 વર્ષીય યુવતીને કોરોના થયો હતો. એ બાદ તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. જેથી અમદાવાદમાં કોરોનાના કારણે મૃત્યુ આંક વધીને ત્રણ થઈ ગયો છે અને ત્રણેય મૃતક મહિલા છે. અમદાવાદમાં આજે કોરોનાના કુલ 71 કેસ નોંધાયા છે અને 30 લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે.રાજકોટમાં કોરોનાના વધુ 11 દર્દી નોંધાયા છે. જેમાં બે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. 70 વર્ષીય તેમજ 74 વર્ષીય વૃદ્ધાને દાખલ કરવામાં આવ્યા છે. એક વૃદ્ધાને ઘણા વર્ષોથી ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તકલીફ છે. જ્યારે બીજા વૃદ્ધાની 8 વર્ષ પહેલાં એન્જિયોપ્લાસ્ટી થઈ ચૂકી છે. આજે 6 દર્દી હોમ આઈસોલેટ રહ્યા બાદ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયા છે. કુલ દર્દીઓની સંખ્યા 61 પર પહોંચી છે.

### લક્ષણો દેખાય તો આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અપીલ

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ માત્ર રાજકોટ જ નહીં, ગુજરાતમાં હાલમાં જોવા મળી રહેલા કોરોનાના કેસો ઓમિક્રોનના પેટા-પ્રકારો LF.7.9 અને XFG Recombinant છે. આ વેરિયન્ટ્સમાં દર્દીઓમાં સામાન્ય રીતે હળવો તાવ, શરદી અને ખાંસી જેવાં લક્ષણો જોવા મળે છે, જોકે ગંભીર લક્ષણોનું પ્રમાણ ઓછું છે, પરંતુ સાવચેતી રાખવી અનિવાર્ય છે. ત્યારે જો કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તો તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્રોનો સંપર્ક કરવો જોઈએ.આરોગ્ય વિભાગની માહિતી અનુસાર કોરોનાના કારણે એકનું મોત નીપજ્યું છે, પરંતુ અમદાવાદમાં અત્યારસુધી કોરોનાના કારણે 3 મહિલાનાં મોત થયાં છે.

ધોનીની ટી-શર્ટ ફાડીને ઉપર લાત મારી વાહનો ચલાવ્યા

## વડોદરામાં RCBની જીતની ઉજવણીમાં ફેન્સ ભાન ભૂલ્યા

• વડોદરા

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં પોતાનું પહેલું ટાઈટલ જીત્યું છે. ત્યારે વડોદરા શહેરમાં RCBના ગેલમાં આવી ગયા હતા અને રોડ પર ઉતરી આવીને RCBની જીતની ઉજવણી કરી હતી. આ દરમિયાન કેટલાક સમર્થકો ઉજવણીમાં ભાન ભૂલી ગયા હતા. RCBના કેટલાક સમર્થકોએ ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન એમ. એસ. ધોનીની ટી-શર્ટ ખેંચી ખેંચીને ફાડી નાખી હતી. ત્યારબાદ ટી-શર્ટને લાત મારી હતી અને ઉપરથી વાહનો ચલાવ્યા હતા. આ ઉપરાંત એક યુવક બાઈક પર જોખમી સ્ટંટ કરતો પણ જોવા મળ્યો હતો.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગઈકાલે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પંજાબ સુપર કિંગ્સને હરાવીને ચેમ્પિયન બન્યું. જેને પગલે સમગ્ર દેશમાં ઉજવણીના માહોલ જોવા મળ્યો અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના સમર્થકો રોડ પર ઉતરી આવ્યા હતા. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં પણ સમર્થકો રોડ ઉપર આવીને ઉજવણી કરી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક સમર્થકો ઉજવણીમાં ભાન ભૂલ્યા હોય તેવા દૃશ્ય જોવા મળ્યા હતા.

## પૂરથી બચવા પરશુરામ ભઠ્ઠામાં સામાજીક કાર્યકરે તરાપાનું પૂજન કર્યું

• વડોદરા

શહેરમાં ગત વર્ષે વિશ્વામિત્રી નદીમાં ત્રણ વખત પૂર આવ્યું હતું. પૂરના પાણી શહેરભરમાં ફરી વળ્યા હતા. જેનો ભય આજે પણ લોકોના મનમાંથી જતો નથી. હવે શહેરમાં ચોમાસું બેસવાને જુજ દિવસો બાકી છે ત્યારે સયાજીગંજમા સામાજીક કાર્યકરે તરાપાનું ફૂલો વડે પૂજન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, પાલિકા દ્વારા વિશ્વામિત્રી નદીમાં ગત વર્ષ જેવી પૂરની સ્થિતિ ન સર્જાય તે માટે પ્રોજેક્ટ હાથ ધરાયો છે. વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં નીચાણવાળા ભાગોમાં ગત વર્ષે પૂરના પાણી ફરી વળતા ભારે મુશ્કેલી સર્જાઈ હતી. આ વખતે પાલિકા દ્વારા વિશ્વામિત્રી પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે પરંતુ, પ્રોજેક્ટને લઈને લોકોનો વિશ્વાસ જીતવામાં પાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું રહ્યું છે. આજે પરશુરામ ભઠ્ઠામાં સામાજીક કાર્યકર વિઠ્ઠલભાઈ આયરે દ્વારા તરાપાનું પૂજન કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં પૂર આવે પણ મ્યુઝિયમ અંદર એક પણ ટીપું પાણી ન ભરાય તેવી ડ્રેનેજ સિસ્ટમ

વર્ષો સુધી કાટ ન લાગે તેવા લોખંડથી તૈયાર કરાયો છે વાલ્વ

• વડોદરા



વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં ગત ઓગસ્ટ 2024માં વિનાશક પૂર આવ્યું હતું. વિશ્વામિત્રી નદીની સપાટી એક અંદાજ મુજબ 40 ફૂટ પર પહોંચી ગઈ હતી. આમ છતાં વિશ્વામિત્ર નદીથી 500 મીટર દૂર આવેલા કમાટીબાગ સ્થિત મ્યુઝિયમમા પાણી ભરાયા ન હતા. જેનું મુખ્ય કારણ સર સયાજીરાવ ગાયકવાડની દ્રષ્ટિથી 131 વર્ષ પહેલાં બનેલો અંડર ગ્રાઉન્ડ વાલ્વ સિસ્ટમ છે. વિશ્વામિત્રી નદીની સપાટી 29 ફૂટ પહોંચે ત્યારે મ્યુઝિયમના કમ્પાઉન્ડમાં મૂકવામાં આવેલો નદીની લેવલનો વાલ્વ બંધ કરી દેવામાં આવે છે જેના કારણે વિશ્વામિત્રી નદીના પાણી મ્યુઝિયમ સુધી પહોંચી શકતા નથી.

શહેરના કમાટીબાગ ખાતે આવેલા 131 વર્ષ જુના રાજ્ય સરકાર હસ્તકના મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરીના ક્યુરેટર વિજય પટેલે જણાવ્યું હતું કે, બરોડા મ્યુઝિયમમાં ભોયરાની ગેલેરી માટે ત્રણથી ચાર ફૂટ ઊંચા પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા છે. મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે મ્યુઝિયમની ફરતે એકત્ર થતા પાણીના નિકાલ માટે વિશેષ ગટર વ્યવસ્થા તૈયાર કરાવડાવી હતી. જે આજે પણ કાર્યરત છે.

## ક્રાઈમ બ્રાન્ચે જરોદ પાસેથી બંધ કન્ટેનરમાં 37 લાખનો દારૂ ઝડપ્યો

દારૂનો જથ્થો હરિયાણાથી વડોદરા તરફ લવાતો હતો

• વડોદરા

જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે વોચ ગોઠવી હાલોલ તરફથી બંધ કન્ટેનરમાં ગ્રેસ બોક્સની આડમાં વડોદરા તરફ લવાતો 37 લાખનો દારૂ ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં પોલીસે કન્ટેનર ચાલકની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ દારૂનો જથ્થો હરિયાણાથી લાવવામાં આવી રહ્યો હતો.આ અંગેની માહિતી આપતા LCB પીઆઈ કૃણાલ પટેલે જણાવ્યું હતું કે, મોડી રાત્રે LCB પીએસઆઈ એસ. જે. રાઠવા સ્ટાફના અનાર્મ હેડ કોન્સ્ટેબલ બળદેવસિંહ, દેવરાજસિહ, જીતેન્દ્રસિંહ, હરશચંદ્રસિંહ, અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ જયપાલસિંહ અને પ્રદિપસિંહ, સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે, હાલોલ તરફથી બંધ કન્ટેનરમાં દારૂનો જથ્થો વડોદરા તરફ જવાનો છે. જે બાતમીના આધારે જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે એલસીબી સ્ટાફ દ્વારા વોચ ગોઠવી દેવામાં આવી હતી. બાદમાં કન્ટેનરમાં તપાસ કરતા બે શખસો મળી આવ્યા હતા. બંનેને કન્ટેનરમાં રહેલા મુદ્દામાલ અંગે પૂછતા ગ્રેસ બોક્સ હોવાનું જણાવ્યું હતું. તે બાદ કન્ટેનરમાં પોલીસે તપાસ કરતા ગ્રેસ બોક્સની આડમાં લઈ જવાતો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. LCBએ રૂપિયા 37.03 લાખનો દારૂ, મોબાઈલ, ગ્રેસ બોક્સ અને કન્ટેનર સહિત કુલ રૂપિયા 75.52 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે આ કાર્યવાહીમાં હસન હશરત રાંગડા ચૌધરી (મુળ રહે. સોહરા, હયાતનગર મહોલ્લા, યુપી) અને તૈયબ અબ્લુલ કરીમ ખાન (રહે. પડાસલા મસ્જીદ પાસે, બીરસંગપુર, કિશનગઢ, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

ડભોઈ તાલુકાના તીર્થક્ષેત્ર ચાંદોદ ખાતે દસ દિવસીય ગંગાદશાહરા મહોત્સવ ઉજવાય રહ્યો છે

## પવિત્ર નર્મદા સ્નાન સહિત મહા આરતીનો લાભ લેવા રોજે રોજ માનવ મહેરામણ ઉમટયું

• ફકીરા ખત્રી ડભોઈ



વડોદરા જિલ્લાના પૌરાણિક તીર્થક્ષેત્ર ચાંદોદ ખાતે વર્ષ દરમિયાન અનેક તહેવારો અને ધાર્મિક ઉત્સવો આનંદ ઉત્સાહ અને પારંપરિક રીતે મનાવવામાં આવે છે તેમાંય જેઠ સુદ એકમથી જેઠ સુદ દશમ સુધી ના 10 દિવસ દરમિયાન ઉજવાતો ગંગા દશાહરા પર્વ વિશેષ પણ એ ઉજવાઈ છે 27 મેથી ચાલુ થયેલા આ મહોત્સવમાં રોજબરોજ શ્રદ્ધાળુઓ ગંગાજી નર્મદાજીના બેવડા સ્નાનો પુણ્ય લાભ સહિત મહા આરતી માં જોડાઈ રહ્યા છે મહોત્સવના આઠમા દિવસે પણ ગુજરાત ભરમાંથી શ્રદ્ધાળુઓ ગંગાદશાહરા પર્વનો લાભ લેવા માનવ મહેરામણ ગુજરાત ભરમાંથી માનવ મહેરામણ પડ્યું હતું પ્રસિદ્ધ મલ્હાર રાવ ઘાટ ચક્તીર્થ ઘાટ કપિલેશ્વર ઘાટ માર્કંડેશ્વર ઘાટ સહિતના કિનારાઓ ખાતે શ્રદ્ધાળુઓ થી ચિક્કાર જોવા મળ્યા હતા આ મહોત્સવનો ધાર્મિક લાભ લેવા અનેક સંત ગણ રાજકીય સામાજિક અગ્રણીઓ પધારી રહ્યા છે મહોત્સવના આઠમાં દિવસે અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહી પૂજન અર્ચન દિવ્ય આરતી સહિત ચુંદડી મનોરથમાં જોડાયા હતા આગામી 5 જૂન ના રોજ આ મહોત્સવની પુર્ણાહુતિ થશે ત્યારે પર્વનો લાભ અનેક મહાનુભાવો પધારશે

**ન્યૂઝ ફોકસ** ડો. હેમાંગ જોષીએ પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઓલ પાર્ટી ડેલિગેશનમાં મને નહી વડોદરાને અવસર મળ્યો છે. આતંકવાદના વિરૂદ્ધમાં ઓલ પાર્ટી ડેલિગેશન ભારતે મોકલ્યું તે ઇતિહાસમાં પહેલીવાર થયું છે. કોઇપણ પક્ષના સાંસદ હોય વિદેશમાં અમે ટીમ ભારત થઈને દેશનો પક્ષ રજૂ કરતાં હતા.

## આતંકવાદ સામે લડવા માટે દક્ષિણ -પૂર્વના દેશોએ ભારત સાથે હોવાની તૈયારી બતાવીઃ સાંસદ

વડોદરા ખાતે પરત ફરેલા સાસંદનું ભાજપા કાર્યાલય ખાતે ભાજપા કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

• વડોદરા

પહેલગામ આતંકવાદી હુમલા વિરુદ્ધ ભારતીય સૈન્યના ઓપરેશન સિંદુરની સફળતા બાદ પીએમ નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સ્તરે ભારતનો પક્ષ મૂકવા ગ્લોબલ આઉટરીચ મિશનના ભાગરુપે બહુપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળે સંજય કુમાર ઝાના નેતૃત્વ હેઠળ જાપાન, ઈન્ડોનેશિયા, સાઉથ કોરીયા, મલેશીયા અને સિંગાપોર દેશના મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિ મંડળમાં ગુજરાતમાંથી વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વડોદરા ખાતે પરત ફરેલા સાસંદનું ભાજપા કાર્યાલય ખાતે ભાજપા કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંસદે જણાવ્યું હતું કે, પાંચેય દેશોએ આતંકવાદ સામે લડવા ભારત સાથે હોવાની તૈયારી બતાવી છે.

ઓપરેશન સિંદૂર બાદ આતંકવાદ સામે વિશ્વને એક કરવા માટે પાંચ દેશોમાં કરેલા પ્રવાસને આતંકવાદ સામે લડવાના રજૂ કરેલા પક્ષને મળેલી સફળતા અંગે સાંસદ ડો. હેમાંગ જોષીએ પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે, ઓલ પાર્ટી ડેલિગેશનમાં મને નહીં વડોદરાને અવસર મળ્યો છે. આતંકવાદના વિરૂદ્ધમાં ઓલ પાર્ટી ડેલિગેશન ભારતે મોકલ્યું તે ઈતિહાસમાં પહેલીવાર થયું છે. કોઈપણ પક્ષના સાંસદ હોય વિદેશમાં અમે ટીમ ભારત થઈને દેશનો પક્ષ રજૂ કરતાં હતા. પહેલગામની ઘટના બાદ અત્યારે પાકિસ્તાનમાં ચૂંટાયેલી સરકાર નથી. મિલિટ્રી પાકિસ્તાનમાં સરકાર ઉપર શાસન કરી રહી છે. ભારતે પાકિસ્તાનના ટેરરિસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધ્વસ્ત કર્યા હતા. પાકિસ્તાનમાં 200 કિલોમીટર અંદર સુધીના ટેરરિસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધ્વસ્ત કર્યા હતા. પાકિસ્તાનના મિલિટ્રી એર બેઝ પર ભારતે હુમલો કર્યો હતો.

એક દેશના વડાએ પોતે જશ લેવા માટે સીઝ ફાયરનું ટ્વીટ કર્યું હતું. તે અંગે સાંસદ ડો. હેમાંગ જોશીએ નામ લીધા વિના ડોનાલ્ડ ટ્રમ્પ પર પ્રહાર કર્યા હતા. પાકિસ્તાને પહેલા 1 વાગે હોટ લાઈન પર ફોન કર્યો હતો. ભારત પાકિસ્તાનનાં ન્યુક્લિયર એટેકની ધમકીથી ડરે નહીં ભારતે પાકિસ્તાનને એવો જવાબ આપ્યો કે અમે પહેલા ન્યુક્લિયર એટેક નહીં કરીએ પણ જવાબ આપીશું.

સાંસદ ડો. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, તમામ દેશોના પૂર્વ પ્રધાનમંત્રી, ગૃહમંત્રી, કાયદામંત્રી, સ્પીકર સહિત વિવિધ પક્ષોના નેતાઓને મળ્યા હતાં. જે દેશમાં ચૂંટણી ચાલતી હતી ત્યાં બંને પક્ષના લોકોને પણ મળ્યા હતા. મલેશિયાના પ્રધાનમંત્રી અમને મળ્યા હતા. કૂટનીતિક જીત ઓલ પાર્ટી ડેલિગેશનની થઈ છે.



# સુરતમાં ખુલ્લી ગટરમાં બાઈક ખાબકતાં ફૂડ ડિલિવરી બોયનું મોત, ઘટના સીસીટીવીમાં કેદ

• સુરત

સુરત શહેરનાં છેવાડે આવેલા હજીરામાં ONGC કંપની પાસે ખુલ્લી ગટરમાં ખાબકતાં બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. આ સાથે જ પરિવારજનો દ્વારા ખુલ્લી ગટર માટે જવાબદાર અધિકારીઓ અને ગટરમાં કેમિકલ નાખનાર સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

કવાસ ખાતે રહેતો અને ઓનલાઈન ફૂડ ડિલીવરી કંપનીમાં નોકરી કરતો યુવક 29 મે 2025ની રાત્રે ખુલ્લી ગટરમાં બાઈક સાથે ખાબક્યો હતો. બીજી તરફ મોડી રાત સુધી યુવક ઘરે પરત ન ફરતાં પરિવારજનો દ્વારા પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જોકે, 30 મેની સવારે સ્થાનિકોએ ખુલ્લી ગટરમાં બાઈક સાથે યુવકનાં મૃતદેહને જોતાં તાત્કાલિક ફાયર વિભાગ અને પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ફાયર વિભાગનાં લાશ્કરોએ તાત્કાલિક યુવાનના મૃતદેહને ગટરમાંથી બહાર કાઢીને સિવિલ હોસ્પિટલમાં પી.એમ. માટે રવાના કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, કવાસમાં ધર્મનંદન સોસાયટી ખાતે રહેતા અને સ્વીગી કંપનીમાં ડિલીવરી બોય તરીકે નોકરી પતાવીને સુભાષચંદ્ર પોતાના ઘર તરફ પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન હજીરા ખાતે ઓએનજીસી કંપની પાસે આવેલા સર્વિસ રોડ પર ખુલ્લી ગટરમાં સુભાષચંદ્ર બાઈક સાથે ખાબક્યો હતો. ખુલ્લી ગટરમાં બાઈક સાથે પટકાતાં સુભાષચંદ્રને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બીજી તરફ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતાં સુભાષચંદ્રનાં પરિવારજનો દ્વારા તેની શોધખોળ હાથ ધવામાં આવી હતી. ભારે શોધખોળ બાદ પણ સુભાષચંદ્રની કોઈ ભાળ મળી ન હતી.30 મે, 2025ના રોજ સવારે ગટરમાં બાઈક સાથે યુવકને જોતાં તાત્કાલિક સ્થાનિક પોલીસ અને કાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે પસી ગયો હતો. અને ફાયર વિભાગનાં લાશ્કરોએ તાત્કાલિક યુવકના મૃતદેહને બહાર કાઢયો હતો. બાદમાં યુવકના મૃતદેહને સિવિલ ખાતે પોસ્ટ માર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા પણ પીએમ રિપોર્ટનાં આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

આ ઘટનાના CCTV ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, કેવી રીતે એક ખુલ્લી ગટર જીવલેણ સાબિત થઈ. આ ગટરને ઢાંકવામાં તંત્ર દ્વારા દાખવવામાં આવેલી બેદરકારીને કારણે એક યુવકે અકાળે જીવ ગુમાવ્યો છે. આ ઘટના બાદ પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે .

### યાત્રાધામ ચાંણોદમાં પૂર વ્યવસ્થાપન મોકડ્રીલ યોજાઈ

# NDRFની ટીમોએ અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરીને બચાવ કામગીરીનું નિદર્શન કર્યું

• વડોદરા

વડોદરા શહેરના ડભોઈ તાલુકાના ચાંણોદ ગામ ખાતે સંભવિત પૂરની પરિસ્થિતિઓને પહોંચી વળવા અને જાનહાનિ તથા સંપત્તિના નુકસાનને ઘટાડવાના ઉદ્દેશ્યથી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલનો મુખ્ય હેતુ ચોમાસા દરમિયાન પૂરની સ્થિતિમાં વિવિધ વિભાગો વચ્ચે સંકલન અને પ્રતિભાવ ક્ષમતાનું પરીક્ષણ કરવાનો હતો. આ કવાયતમાં બચાવ કામગીરી, ઈમરજન્સી મેડિકલ સહાય પૂરી પાડવી અને અસરગ્રસ્તોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા સહિતના દ્રશ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. NDRFની ટીમોએ તેમની વિશેષજ્ઞતા અને અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરીને બચાવ કામગીરીનું નિદર્શન કર્યું હતું, જ્યારે પોલીસ વિભાગે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં



અને રાહત પ્રયાસોને સુવિધા આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આરોગ્ય વિભાગની ટીમો તબીબી સહાય પૂરી પાડવા અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે સજ્જ હતી. સ્થાનિક તરવૈયાઓએ તેમના અનુભવ અને જ્ઞાનનો ઉપયોગ કરીને બચાવ કામગીરીમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. આ મોકડ્રીલમાં તાલુકા વહીવટી તંત્ર, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF), પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગ અને સ્થાનિક તરવૈયાઓ સહિત વિવિધ એજન્સીઓ અને સ્થાનિક સમુદાય વચ્ચેનું સંકલન થકી યોજવામાં આવ્યું હતું.

# માત્ર 14 વર્ષમાં પૃથ્વીના વાયુમંડળની ગરમીમાં બમણો વધારો થયોઃ. નાસા

**સ્ટડી અનુસાર માનવ ગતિવિધિઓ દ્વારા ઉત્પાદિત ગ્રીનહાઉસ ગેસમાં થઈ રહેલી વૃદ્ધિને કારણે ગ્લોબલ વોર્મિંગમાં વૃદ્ધિ થઈ છે : પૃથ્વીની 90% ગરમી મહાસાગરમાં જાય છે : 2020-2024 દરમિયાનના દસ સૌથી ગરમ વર્ષો નોંધાયા છે**






**વિજ્ઞાનજગત**

લેખક :દીપક જગતાપ

આજેવિશ્વ પર્યાવરણ દિવસછે. ખાસ કરીને ગ્લોબલ વોર્મિંગ ની અસરને કારણે વિશ્વ આજે ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યો છે ત્યારે આ વિષય આજે ચિંતા અને ચિંતનનો વિષય બન્યો છે. અમેરિકામાં નાસા અને નેશનલ એન્ડ એટમૉસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના વૈજ્ઞાનિકોને સ્ટડી દરમિયાન જાણવા મળ્યું છે કે 2005થી 2019ના 14 વર્ષના સમયગાળા દરમિયાન પૃથ્વીના વાયુમંડળમાં ગરમી વધીને બમણી થઈ ગઈ છે. વૈજ્ઞાનિકો અનુસાર જો આ પ્રમાણે જ ઊર્જામાં અસંતુલન જળવાશે તો આગામી 10 વર્ષોમાં ખૂબ જ જોખમયુક્ત જળવાયુ પરિવર્તન (Climate change) આવી શકે છે. નાસા CERESના ચીફ ઈન્વેસ્ટીગેટર અને આ સ્ટડીને લીડ કરતા નોર્માન લોબે જણાવ્યું કે, 'જે પણ પરિણામ પ્રાપ્ત થયા છે તે ખૂબ જ જોખમકારક હતા.'વૈજ્ઞાનિકોએ બે અલગ અલગ મેઝરમેન્ટ પરથી ડેટા એકત્ર કર્યા છે. એક નાસાના CERESમાં સેટેલાઈટ સેંસરના સમૂહ દ્વારા અને બીજું અર્ગો દ્વારા વિશ્વના મહાસાગરોનું તાપમાન અને તેની તરલતા માપવા માટે તરતો મૂકવામાં આવ્યો. બંને ડેટા પરથી તરણ કાઢવામાં આવ્યું કે, પૃથ્વીની 90% ગરમી મહાસાગરમાં જાય છે, સમુદ્રના તાપમાનની રૂપરેખા પેટર્ન માટે નિર્ણાયક ડેટા પ્રદાન કરી શકે છે.લોબે વધુમાં જણાવ્યું કે, "પૃથ્વીના ઊર્જા અસંતુલનમાં ફેરફાર જોવાની આ બે પ્રક્રિયા ખૂબ જ વાસ્તવિક પરિણામ આપે છે. આ પ્રક્રિયાના પરિણામ વિશ્વાસ અપાવે છે કે હાલમાં જે પણ પરિસ્થિતિ જોઈ રહ્યા છીએ તે એક માત્ર તથ્ય નથી, પરંતુ વાસ્તવિક ઘટના છે."એક સ્ટડી અનુસાર માનવ ગતિવિધિઓ દ્વારા ઉત્પાદિત ગ્રીનહાઉસ ગેસમાં થઈ રહેલી વૃદ્ધિને કારણે ગ્લોબલ વોર્મિંગમાં વૃદ્ધિ થઈ છે. પૃથ્વીના વાયુમંડળમાં બાષ્પીભવનમાં વૃદ્ધિને કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. સમુદ્રી બરફ અને વાદળો ઘટવાને કારણે સૂર્યમાંથી આવતી ઊર્જાનું અવશોષણ વધી રહ્યું છે.વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે આ સ્ટડી માત્ર દીર્ઘકાલીન જળવાયુ પરિવર્તનની સરખામણીમાં એક સ્નેપશોટ છે, જેનાથી વૈજ્ઞાનિકો નિશ્ચિતરૂપે અનુમાન લગાવી શકતા નથી. આ સ્ટડી 15 જૂને જિઓફિઝીકલ રિસર્ચ લેટરમાં પ્રકાશિત કરવામાં આવી હતી. જળવાયુ પરિવર્તનના કારણે પ્રકૃતિ પર ખૂબ જ ગંભીર અસર થઈ રહી છે. આ સંશોધનની મુખ્ય માહિતી અને તેના પરિણામો વિશે વિગતવાર માહિતી જોઈએ તોખાસ તો પૃથ્વી પર ઉર્જા અસંતુલનમાં બમણો વધારો થયો છે.પૃથ્વીની આબોહવા સૂર્યમાંથી મળતી ઊર્જા અને પૃથ્વી દ્વારા અવકાશમાં પાછી મોકલવામાં આવતી ઈન્ફ્રારેડ ઊર્જા વચ્ચેના સંતુલન પર આધારિત છે. આ તફાવતને "ઉર્જા અસંતુલન" કહેવામાં આવે છે.2005 થી 2019 દરમિયાન, આ અસંતુલન લગભગ બમણું થયું, એટલે કે પૃથ્વી હવે સૂર્યમાંથી મળતી ઊર્જાની સરખામણીમાં વધુ ગરમી શોષી રહી છે અને તેને અવકાશમાં પાછી મોકલવામાં ઓછી ઊર્જા ફેંકી રહી છે.એ માટે સંશોધકોએ બે સ્વતંત્ર પદ્ધતિઓનો ઉપયોગ કર્યોઃનાસાના CERES આ સેટેલાઈટ સેન્સર્સ પૃથ્વી દ્વારા શોષાયેલી અને બહાર નીકળતી ઊર્જાને માપે છે.બીજું આ વૈશ્વિક મહાસાગરમાં તાપમાન અને ખારાશ માપવા માટે ફ્લોટ્સનો ઉપયોગ કરે છે, જે દર્શાવે છે કે મહાસાગરો 90% જેટલી વધારાની ગરમી શોષી રહ્યા છે.બંને પદ્ધતિઓના પરિણામો એકબીજા સાથે સુસંગત હતા, જે આ ઘટનાની વાસ્તવિકતાને પુષ્ટિ આપે છે.એના કારણો જોઈએ તોમાનવ-કારણે થતી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ખાસ જવાબદાર છે.કાર્બન ડાયોક્સાઇડ ($CO_2$) અને મિથેન જેવા ગ્રીનહાઉસ ગેસનું વધતું ઉત્સર્જન ગરમીને વાયુમંડળમાં ફસાવે છે, જે અવકાશમાં પાછી જતી ઊર્જાને રોકે છે. એ ઉપરાંતપાણીની વરાળમાં વધારો. પણ જવાબદાર છે.ગરમ વાતાવરણમાં વધુ પાણીની વરાળ હોય છે, જે ગરમીને વધુ ફસાવે છે. તેમજ ઓગળતા દરિયાઈ બરફ અને ઘટતા વાદળો સૂર્યની ઊર્જાને પરાવર્તિત કરવાની ક્ષમતા ઘટાડે છે, જેનાથી વધુ ગરમી શોષાય છે.આ વધતી ઉર્જા અસંતુલન આબોહવા પરિવર્તનને વેગ આપી શકે છે, જેના પરિણામે આત્યંતિક હવામાન ઘટનાઓ (ગરમીના મોજાં, દુષ્કાળ, વાવાઝોડા), દરિયાઈ બરફનું ઓગળવું, અને સમુદ્રના સ્તરમાં વધારો થઈ શકે છે.નાસાના મુખ્ય સંશોધક નોર્મન લોએબે જણાવ્યું કે, "આ પ્રવૃત્તિઓ ખૂબ ચિંતાજનક છે," કારણ કે તે દર્શાવે છે કે આબોહવા પરિવર્તનની અસરો અપેક્ષા કરતાં વધુ ઝડપથી વધી રહી છે.2020થી 2025ના આંકડા તપાસીએ તો આ સમય દરમિયાન પૃથ્વીના વાયુમંડળમાં ગરમીના વધારા અંગેના ઉપલબ્ધ NASA અને NOAAના ડેટા આધારે, આ સમયગાળા દરમિયાન વૈશ્વિક તાપમાન અને મહાસાગરની ગરમીના સંગ્રહમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. 2023 અને 2024માં રેકોર્ડ ગરમી રહી હતી. NOAA અને NASAના 2024ના વૈશ્વિક તાપમાન અહેવાલ મુજબ, 2024 એ નોંધાયેલ ઈતિહાસમાં સૌથી ગરમ વર્ષ હતું, જેમાં વૈશ્વિક સરેરાશ તાપમાન 20મી સદીની સરેરાશ કરતાં 1.29C વધુ હતું. આ દર્શાવે છે કે વાયુમંડળમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે.મહાસાગરો વૈશ્વિક ગરમીના લગભગ 90% શોષી લે છે. 2023માં, ઉપરના 2000 મીટરના મહાસાગરની ગરમી (ocean heat content) 286 ઝેટાજૂલ્સ (ZJ) સુધી પહોંચી, જે 2022ની સરખામણીએ 9-15 ZJનો વધારો દર્શાવે છે. 2024માં આ વધારો 16 ZJ વધુ હતો, જે વાયુમંડળ અને મહાસાગરની ગરમીના શોષણની વધતી પ્રક્રિયા દર્શાવે છે.એ ઉપરાંત ગ્રીનહાઉસ ગેસ અને એલ નીનોની અસર પણ જોવા મળી છે. વધતા ગ્રીનહાઉસ ગેસ (જેમ કે $CO_2$ અને મિથેન) અને 2023માં શરૂ થયેલ એલ નીનો ઘટનાએ વાયુમંડળની ગરમીમાં વધારો કર્યો. આ ઘટનાઓએ 2023 અને 2024માં રેકોર્ડ તાપમાનમાં ફાળો આપ્યો, જોકે એલ નીનોની તીવ્રતા 2015-16ની સરખામણીએ ઓછી હતી.દરેક દાયકામાં તાપમાન વધવાની સાથે, 2020-2024 દરમિયાનના દસ સૌથી ગરમ વર્ષો નોંધાયા છે.વાયુમંડળમાં ગરમીના વધારાને મહાસાગરો દ્વારા શોષવામાં આવે છે, જેના કારણે દરિયાઈ સપાટીનું તાપમાન અને સમુદ્રનું સ્તર વધ્યું છે.2020 પછી, ખાસ કરીને 2023 અને 2024માં, અન્ય પરિબળો જેમ કે શિપિંગ ઇંધણના નિયમોમાં ફેરફારથી એરોસોલનું પ્રમાણ ઘટ્યું, જેનાથી ગરમી ઘટાડતી વાદળોની અસર ઓછી થઈ, જે વાયુમંડળની ગરમીમાં વધારાનું કારણ બન્યું.આમ 2020થી 2025 દરમિયાન, વાયુમંડળમાં ગરમીનો વધારો થયો છે. 2024ના ડેટા દર્શાવે છે કે વૈશ્વિક તાપમાન અને મહાસાગરની ગરમી રેકોર્ડ સ્તરે પહોંચી છે, જે આબોહવા પરિવર્તનની તીવ્રતા દર્શાવે છે. આ અભ્યાસ, જે "Geophysical Research Letters"માં પ્રકાશિત થયો, એ ચેતવણી આપે છે કે જો ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટાડવામાં નહીં આવે તોઆબોહવા પરિવર્તનની અસરો વધુ ગંભીર થશે.તે માનવ-કારણે થતા પરિબળો, જેમ કે ફોસિલ ઈંધણનું દહન, અને કુદરતી પ્રક્રિયાઓ બંનેને આ અસંતુલન માટે જવાબદાર ગણાવે છે.આ સંશોધન આબોહવા પરિવર્તનની તાકીદને દર્શાવે છે અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા માટે તાત્કાલિક પગલાંની જરૂરિયાત પર ભાર મૂકે છે. નાસા અને NOAA દ્વારા એકત્ર કરવામાં આવેલા ડેટા આપણા ગ્રહની ગરમી શોષવાની ક્ષમતામાં ઝડપી વધારાને સમજવામાં મદદ કરે છે, જે ભવિષ્યમાં આબોહવા-સંબંધિત નીતિઓ અને પગલાં માટે મહત્વપૂર્ણ બની રહેશે.ચોક્કસ આંકડાઓ અને 2025ના અંતિમ ડેટા માટે, NOAA અને NASAના વાર્ષિક અહેવાલોની રાહ જોવી પડશે.

# ડભોઈ નગરના મહુડી ભાગોળ બહાર ઉભરાતી ગટરો લોકો ત્રસ્ત

### વિસ્તારમાં રોગચાળાની ભીતિ, જવાબદાર કોણ ?



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરના મહુડી ભાગોળ બહાર ઈદગાહ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરની સમસ્યા ઉકેલવામાં ડભોઈ નગરપાલિકા સરેઆમ નિષ્ફળ ગઈ છે નગરપાલિકાને વારંવાર રજૂઆત કરવા છતાં પણ પ્રશ્નનો ઉકેલ આવતો નથી ઈદગાહ વિસ્તારના લોકો તાહિમામ પોકારી ઊઠ્યા ગટરના ગંદા પાણી ઘરના આંગણા સુધી આવી ચૂક્યા છે જેના કારણે રહીશો ને દુર્ગંધનો અને ગંદા પાણીમાંથી પસાર થવાની નોબત આવી છે અને આ વિસ્તારના લોકો બીમાર પણ કેટલાક પડી ગયા છે ઈદગાહ વિસ્તારમાં લોકોને ઘરની બહાર નીકળવામાં પણ તકલીફ પડે છે ગંદા પાણીમાં ચાલવાથી રોગચારો પણ થઈ ગયો છે એક તરફ ગુજરાત સરકાર સ્વચ્છતા અભિયાનની વાતો કરી રહી છે જ્યારે ડભોઈ નગરપાલિકાના આ વિસ્તાર દેખાતો નથી આ વિસ્તારમાં નગરજનો ક્યારે આ ગટરની સમસ્યા સત્તાધીશો તેનું નિરાકરણ લાવશે કે પછી આવી જ લોલમ લોલ ચાલતી રહેશે શું કોઈ મોટો રોગચાળો આ વિસ્તારમાં ફેલાશે ત્યારે ડભોઈ નગરપાલિકાનું તંત્ર જાગશે...

# ડભોઈ તાલુકાના કુંઢેલા ગામ પાસે ગધેડાઓનો ઝૂંડ જોવા મળ્યો



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકા ના કુંઢેલા ગામપાસે ગધેડાઓનો ઝૂમ જોવા મળ્યો હતો રાજસ્થાનથી રોજીરોટી કમાવવા માટે વડોદરા જિલ્લા તરફ આવતા હોય છે રોજી રોટી માટે રેતી ઈંટ અને કપચી તેનું કામ કરતા હોય છે એમ લૂપ થતા જતા ગધેડા ડભોઈ તાલુકાના કુંઢેલા પાસે મોટી સંખ્યામાં હાઈવે પર જોવા મળ્યા તેઓને પૂછતા રાજસ્થાનના અલગ અલગ ગામોમાંથી રોજીરોટી માટે અહીં આવીએ છે આઠ મહિના ગુજરાત માં રોકાઈએ છીએ ચોમાસુ આવતા પહેલા 20 દિવસ બાકી હોય તે વતન તરફ રવાના થઈએ છે એક દિવસ ચાલીએ છે અને એક દિવસ પડાવ કરીને રોકાઈએ છીએ એમ કરીને વીસ દિવસે અમે પહોંચીશું વતન તરફ વડોદરા જિલ્લામાં જે રીતે રેતી ઈંટ અને કપચી કામ અમને મળી રહે છે એટલે માટે હજુ રોટી માટે આવીએ છીએ અને માલિકી કૃપાથી આઠ મહિનામાં સારી એવી રોજીરોટી અમને મળી રહે છે આજરોજ અમે ડભોઈ થી વતન જવા રવાના થઈએ છે વરસાદની સીઝનના ચાર મહિના વતનમાં જ રહ્યા છે અને આઠ મહિના ગુજરાતમાં રોજી રોટી માટે રોકાય છે...

**આક્રોશ** વિદ્યાર્થીઓના યુનિફોર્મ અને શૈક્ષણિક કિટ ચોક્કસ સ્ટેશનરીમાંથી મોંઘા ભાવે ખરીદવા વાલીઓને મજબૂર કરતી ભરૂચની ખાનગી સ્કૂલો

# નિયમોનો ભંગ કરનાર ભરૂચની ખાનગી સ્કૂલો સામે દંડાત્મક પગલાં લેવા ડી.ઇ.ઓ કચેરીમાં રજૂઆત

## સ્ટેશનરીવાળાઓ 25-30 રૂપિયાની નોટબુક સીધી 50-60 રૂપિયામાં ગ્રાહકોને વેચે છે

• કેતન મહેતા, ભરૂચ

ભરૂચમાં કેટલીક ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને યુનિફોર્મ, શૈક્ષણિક કિટ અને શાળાના સિમ્બોલવાળી નોટબુક ચોક્કસ સ્ટેશનરીમાંથી વધુ રૂપિયા આપી મોંઘા ભાવે ખરીદવા મજબૂર કરાય છે. આવી શૈક્ષણિક સંસ્થાઓ સામે કાર્યવાહી કરવા સ્થાનિક આગેવાન યોગી પટેલે લેખિતમાં ભરૂચ જિલ્લા શિક્ષણ વિભાગમાં રજૂઆત કરી હતી. જેમાં આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ શાળા વાલીઓને સ્કૂલ ડ્રેસ કે અન્ય સ્ટેશનરી ખરીદવા કોઈ એક જ સંસ્થા કે દુકાનમાંથી ખરીદી કરવા મજબૂર કરી શકે નહીં, તેમ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે સૂચન કરેલ છે. તેમ છતાં પણ કેટલીક ખાનગી શાળાઓ યેનકેન પ્રકારે ચોક્કસ દુકાન કે સંસ્થામાંથી જ સ્કૂલ ડ્રેસ કે સ્ટેશનરી ખરીદવા માટે વાલીઓને ફરજીયાત સૂચન કરી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. ભરૂચની કેટલીક શૈક્ષણિક શાળાઓ સ્ટેશનરીના સંચાલકો સાથે સંકલનમાં રહી વધુ રૂપિયા કમાવવા માટે સ્કૂલના સિમ્બોલવાળી નોટબુકો છપાવી સ્ટેશનરીવાળાઓને આપે છે.

જે સ્ટેશનરીવાળાઓ 25-30 રૂપિયાની નોટબુક સીધી 50-60 રૂપિયામાં ગ્રાહકોને મોંઘા ભાવે વેચી મોટી છેતરપિંડી કરી રહ્યા છે. તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે. આવી શાળાઓ સામે દંડાત્મક પગલાં લેવા ડી.ઇ.ઓ કચેરીમાં રજૂઆત કરાઈ છે.



**કેટલીક ખાનગી શાળાઓ યેનકેન પ્રકારે ચોક્કસ દુકાન કે સંસ્થામાંથી જ સ્કૂલ ડ્રેસ કે સ્ટેશનરી ખરીદવા માટે વાલીઓને ફરજીયાત સૂચન કરી પોતાની મનમાની ચલાવી રહ્યા છે**

**ગુજરાતના ઈકોસિસ્ટમને કારણે ફ્લેમિંગો પક્ષીઓનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર**

# અંકલેશ્વર નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં લેસર ફ્લેમિંગો પક્ષીઓનું આગમન

• કેતન મહેતા, અંકલેશ્વર



અંકલેશ્વર નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં લેસર ફ્લેમિંગો પક્ષીઓએ આગમન કર્યું છે. લેસર ફ્લેમિંગો પક્ષીઓ દર વર્ષે નવેમ્બરથી માર્ચ સુધી ભારતના વેટલેન્ડમાં સ્થળાંતર કરે છે. આ પક્ષીઓને પોષક તત્વોથી ભરપૂર શેવાળ અને ખારા પાણીના ઝીંગા આકર્ષે છે. ગુજરાત તેના વિશાળ મીઠાના રણ અને દરિયાકાંઠાના ઈકોસિસ્ટમને કારણે આ પક્ષીઓનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર બન્યું છે.

અંકલેશ્વર નજીકના દરિયાકાંઠા અને નદીમુખોમાં 60ના ઝુંડમાં આ પક્ષીઓ જોવા મળ્યા હતા. ગુલાબી પીંછા અને વાંકી ચાંચ ધરાવતા આ આકર્ષક પક્ષીઓનું અંકલેશ્વરમાં આગમન ગુજરાતના સંરક્ષણ પ્રયાસોની સફળતા દર્શાવે છે.

હાલમાં બ્રિડિંગ સિઝન હોવાથી આ પક્ષીઓ ગુજરાતમાં 2-3 મહિના માટે આવે છે. મોટાભાગે કચ્છના સરહદી વિસ્તારોમાં જોવા મળે છે, પ્રથમ વખત અંકલેશ્વરના દરિયા અને નદીના મુખ પ્રદેશમાં જોવા મળ્યા હતા. ગુજરાતનું રાજ્ય પક્ષી સુરખાબ છે, આ એ જ પ્રજાતીના પક્ષી છે.

નર્મદા નદીનું મુખ અને નજીકના વેટલેન્ડ સેન્ટ્રલ એશિયન ફલાય-વે પર સ્થળાંતર કરતા પક્ષીઓ માટે મહત્વપૂર્ણ ખોરાકનું મેદાન પૂરું પાડે છે. અંકલેશ્વરમાં વેટલેન્ડ અને મેન્ગ્રોવ્સનું સંરક્ષણ આ વિસ્તારને ફ્લેમિંગોનું કાયમી આશ્રયસ્થાન બનાવી શકે છે.

આ ઘટના ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણ વચ્ચેના સફળ સંતુલનનું ઉદાહરણ છે.

**જેતપુરના ૩ સહિત ૪ શખ્સોના નામ ખુલ્યા, રૂરલ એલસીબીનો દરોડો**

# જેતપુરમાં આઈપીએલના ફાઈનલ મેચમાં સટ્ટો રમતો નિકુંજ વસંત ઝડપાયો

• સુરેશ ભાલીયા જેતપુર

જેતપુરમાં રૂરલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી આઈપીએલના ફાઈનલ મેચમાં સટ્ટો રમતો એક શખ્સને ઝડપી ઝડપી લીધો હતો, જ્યારે અન્ય ૪ શખ્સોના નામ ખુલતા શોધખોળ હાથ ધરાઈ છે, રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહએ આઇ.પી.એલ. ૨૦૨૫ સીરીઝમાં રમાતી ટી-૨૦ ક્રિકેટ મેચમાં હાર જીતનો ક્રિકેટ સટ્ટો રમતા ઈસમો પકડવા સારૂ સુચના કરતા એલ.સી.બી.રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેકરટ વી.વી. ઓડેદરા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પો.સબ.ઈન્સ. એમ.સી.ગોહીલ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંમાં હતા તે દરમ્યાન એલ.સી.બી.ના પો. હેડ કોન્સ. રાજુભાઈ સાબંડા, દિવ્યેશાઈ સુવા. નિલેશભાઈ ડાંગર, હરેશભાઈ પરમાર, પો. કોન્સ. મિરલભાઈ ચંદ્રવાડીયા ને સંયુકત બાતમી હકિકત આધારે જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આરોપી નિકુંજ ઉપેન્દ્રભાઈ વસંત રહે. જેતપુર વાળાને જેતપુર શહેર વિસ્તાર માંથી આઇ.પી.એલ. ૨૦૨૫ સીરીઝ



ફાઈનલમાં રોયલ ચેલેન્ઝર બેંગલોર તથા કીંગ ઈલેવન પંજાબ ટીમો વચ્ચે રમાતી ટી-૨૦ ક્રિકેટ મેચમાં હાર જીતનો ક્રીકેટ સટ્ટો રમતા રોકડ રૂા. ૧૬,૭૦૦ તથા એક મોબાઈલ મળી કુલ ૫૬,૭૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો. પકડાયેલ નિકુંજ પાસેની મળી ચિટ્ઠીમાં રફીક રહે. બોખલા દરવાજા પાસે જેતપુર, રવિ નથવાણી, રહે. તીનબતી ચોક, જેતપુર, રવિ, રહે. મોટા ચોક, જેતપુર તથા કેતન ઉર્ફે ભદી ના નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરાઈ છે.

# અંકલેશ્વર શારદા ભવન ખાતે ત્રણ દીકરીઓનો ભરત નાટ્યમમાં આરંગેત્રમનો કાર્યક્રમ યોજાયો

## સાત વર્ષની નાની ઉમરે ભરતનાટ્યમ શીખવાની શરૂઆત કરી હતી

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં આવેલ શારદા ભવન ટાઉનહોલ ખાતે ઝીલ નૃત્ય નિકેતન દ્વારા ત્રણ દીકરીઓ ધાર્મિ, પરિધિ અને સ્વરાનું ભરત નાટ્યમ આરંગેત્રમના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરત નાટ્યમ નૃત્યના સાત વર્ષના અભ્યાસ અને ટ્રેનિંગ પછી સ્ટેજ પ્રવેશનો તબક્કો આરોગ્યત્રમાં આવે છે. આજે ધાર્મિ, પરિધિ અને સ્વરાએ ભરત નાટ્યમ આરંગેત્રમમાં પોતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. તેમના પ્રદર્શનથી દર્શકો મંત્રમુગ્ધ બની ગયા હતા. સાત વર્ષની નાની ઉમરે ભરતનાટ્યમ શીખવાની શરૂઆત કરીને સાત વર્ષના નિરંતર અભ્યાસ પછી તેમાં ફરી પૂર્ણતા મેળવ્યા બાદ આરંગેત્રમ પ્રસ્તુત કર્યું છે. ધાર્મિના પિતા શૈલેષ અમીપરા અને



માતા જયશ્રી અમીપરા, પરિધિના પિતા કપિલ લાડ અને માતા પ્રજ્ઞા લાડ, સ્વરાના પિતા હરેશભાઈ લીમ્બાચીયા અને માતા પ્રીતિબેન લીંબાચીયાનો તેમને પ્રોત્સાહિત કરવામાં અને સતત ઉત્સાહ બનાવી રાખવામાં અગત્યનો ફાળો છે. ઝીલ નૃત્ય નિકેતનના કલાકારો કલ્પનાબેન જૈન દ્વારા તેમને સતત પ્રોત્સાહન અને ટ્રેનિંગ આપીને પ્રોત્સાહિત કરાયા હતા, કલ્પનાબેન સતત ચાલીસ વર્ષથી આ સંસ્થામાં ભરત નાટ્યમ ક્ષેત્રે કાર્યરત છે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત હાઈ કોર્ટ અમદાવાદના એડવોકેટ સૌરભ મહેતા, યુ.પી.એલ યુનિવર્સિટીના વટારિયાના પ્રોમોસ્ટ શ્રીકાંત વાઘ તેમજ શ્રીવાસન વિદ્યામંદિર ગાંધીનગરના કલા પ્રેમી શિક્ષિકા કિન્નરીબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ભારતની પૌરાણિક અને આધ્યાત્મિક સંસ્કૃતિના ભરત નાટ્યમ નૃત્ય આજની પેઢી એટલું સરળ રીતે કરી શકે અને તે અમૂલ્ય વારસાને આગળ વધારે તે જોઈ પ્રેક્ષકો ખરેખર ગદગદ થઈ ગયા હતા. આવનાર પેઢી તેને વધારે મજબૂત રીતે લોક ભાગ્ય બનાવશે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

**છેલ્લા પાંચ વર્ષથી અંકલેશ્વર શહેર "એ" ડીવી.પો.સ્ટે.ના**

# ચોરીના ગુનાના નાસતા-ફરતા મહીલા બહેનને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ



• કેતન મહેતા ભરૂચ

પો.ઇન્સ.એ.કે.જાડેજાનાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમના માણસો ભરૂચ જિલ્લાના બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે દાહોદના ગરબાડા ખાતે તપાસમાં ગયેલ હતા. તે સમય દરમ્યાન મળેલ બાતમી, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અંકલેશ્વર શહેર "એ"ડીવી. પો.સ્ટે. નોંધાયેલ ઇ.પી.કો. કલમ મુજબના ગુનાના કામે નાસતા ફરતા મહીલા બહેન લીલાબેન ઉર્ફે મિન્દીબેન W/O સુરેશભાઈ ઉર્ફે સુકિયાભાઈ દેહદા ઉર્ફે ભાભોર (રહે.દેવધા,નિશાળ ફળિયું, તા.ગરબાડા, જી.દાહોદ.) નાઓને દાહોદના ગરબાડા ખાતેથી હસ્તગત કરવામાં આવેલ છે. તેમજ આગળની કાર્યવાહી કરવા માટે અંકલેશ્વર શહેર "એ" ડીવી.પો.સ્ટે.સુપ્રત કરવામાં આવેલ છે.

# અંકલેશ્વર-વાલિયા રોડ પર એપલ પ્લાઝા પાસે મોડી રાત્રે આગ લાગી



• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર-વાલિયા રોડ પર કાપોદ્રા પાટિયા નજીક એપલ પ્લાઝા પાસે મોડી રાત્રે લાકડાની કેબિનમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં, કોઈ વ્યક્તિ દ્વારા જાણી જોઈને કેબિનમાં આગ લગાવવામાં આવી હોય તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

**કાર નો આગળનો ભાગ કુચડો થઈ ગયો કાર ચાલક નો આબાદ બચાવ**

# પ્રાંતિજના કતપુર ટોલટેક્સ પાસે કાર એમ્બ્યુલન્સ ની પાછળ ધુસી ગઇ

• ઉમંગ રાવલ સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના કતપુર ટોલટેક્સ પાસે અમદાવાદ થી હિંમતનગર જઈ રહેલ એમ્બ્યુલન્સ ની પાછળ કાર ધુસી જતા કાર નો આગળનો ભાગ કુચડો થઈ ગયો તો કાર ચાલક નો આબાદ બચાવ

જયપુર નો એમ્બ્યુલન્સ ચાલક જયપુર થી દર્દી ને અમદાવાદ ખાતે મુકીને પરત જયપુર જઈ રહ્યો હતો તે દરમ્યાન અમદાવાદ-હિંમતનગર રોડ ઉપર આવેલ પ્રાંતિજ ના કતપુર ટોલટેક્સ પાસે એમ્બ્યુલન્સ ચાલક રોડ ની સાઈડ મા આગળ જઈ રહ્યો હતો તે દરમ્યાન કાર ચાલક ફુલફાસ્ટ હંકારી લઈ આવી આગળ જતી એમ્બ્યુલન્સ ની પાછળ ધુસી જતા કાર નો આગળનો ભાગ કુંચડો થઈ ગયો હતો તો કાર ચાલક નો આબાદ બચાવ થયો હતો તો અકસ્માત ને લઈ ને ધટના સ્થળ ઉપર આજુબાજુ માંથી લોકો દોડી આવ્યા હતા





• ફકીરા ખત્રી ડભોઈ

અમદાવાદ મોદી સ્ટેડિયમ ખાતે આઈપીએલની ફાઈનલ મેચમાં પંજાબ અને બેંગ્લોર વચ્ચે મુકાબલો થતાં બેંગ્લોરે વિજય મેળવતાં વિજય નો જસ્ન મનાવવા ડભોઈ ટાવર ચોક ખાતે ક્રિકેટ રશિયાઓ ભેગા થઈને ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા એક મહિના ઉપરાંત થી ચાલતી ipl મેચ ક્રિકેટ રશિયાઓએ ફટાકડા ફોડીને ઉજવણી કરવા મોટી સંખ્યામાં દરેક જાતિના લોકો ભેગા થઈ ટાવર ચોક પર આતર્શબાજી કરીને ઉજવણી કરવામાં આવી હતી.

# જેતપૂર સીટી પોલીસે કલમ ૭૦ મુજબના વોન્ટેડ આરોપીને ઝડપી લીધો હતો



• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હીમકરસિંહ તથા જેતપુર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયા એ નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા આપેલ સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડીયા ના માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ પ્રયત્નશીલ હતી. તે દરમિયાન બાતમી મળેલ કે, વીરપુર પોલીસ સ્ટેશન ખાતે સને-૨૦૧૩ માં સુરતથી આરોપીનો જાપ્તો જેતપુર ખાતે પોલીસ લઈને આવી રહી હતી તે દરમ્યાન આરોપી નીલેષ ઉર્ફે નટુ ગાંડાભાઈ બુટાણી, ઉ.વ.૪૨, રહે-બોરડી સમઢીયાળા ગામ, તા-જેતપુર, જી-રાજકોટ વાળો જાપ્તામાંથી પોલીસને ચકમો આપી નાસી ગયેલ હતો. જે બાબતે વીરપુર પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવેલ. બાદ આરોપી અટક કરી કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી ટ્રાયલ વખતે કોર્ટમાં હાજર ના રહેતા, જેતપુર કોર્ટે આરોપીને પકડી પાડવા સારૂ, CrPC કલમ ૭૦ મુજબ ધરપકડ વોરંટ જારી કરેલ હતું તે આરોપી નીલેષ ઉર્ફે નટુ ગાંડાભાઈ બુટાણી, ઉ.વ.૪૨, રહે-બોરડી સમઢીયાળા ગામ, તા-જેતપુર ને પકડીપાડી વિરપુર પોલીસને હવાલે કર્યો હતો. આ કાર્યવાહી જેતપુરના એએસઆઇ ભાવેશભાઈ ચાવડા, એચસી સાગરભાઈ મકવાણા, પીસી લાખુભા રાઠોડ, ભરતભાઈ ગમારા, ભગીરથસિંહ જાડેજા તથા અમીતભાઈ સીધ્ધપરા સહિતના જોડાયા હતા.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI